સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૨/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.
તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા વદ-૮ વર્ષ : ૧૭ અંક : ૦૪૯

**સુવિચાર**
''આહારમાં વિષ ભળે તો એનો ઉપાય સંભવ છે, પણ વિચારમાં વિષ ભળે તો એનો ઉપાય અસંભવ છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## ૨ ફેબ્રુ.થી ૯ ફેબ્રુ. સુધીમાં મુખ્ય મથકમાં ૪૫ નાગરિકો હડફેટે ચડયા

# અમરેલી જિલ્લામાં ૭૨ થી વધુ નાગરિકોને રખડુ શ્વાને બચકા ભર્યા

- જિલ્લાનાં મુખ્ય મથકથી લઈને ગ્રામ્ય વિસ્તાર સુધી રખડુ શ્વાનનો હાહાકાર જોવા મળી રહ્યો છે
- રખડુ શ્વાન ઉપરાંત ભટકતા ગૌવંશને લઈને પણ નાના-મોટા અકસ્માતોની ઘટનાં સતત બની રહી છે
- વિશાળ વહીવટીતંત્ર હાથ ઉપર હાથ રાખીને બેઠુ હોય જનતામાં ફફડાટનો માહોલ
- જિલ્લાનાં સાંસદ, ધારાસભ્યો આ બાબતે ગંભીરતા દાખવી કામગીરી કરે તે જરૂરી છે








અમરેલી, તા. ૯
અમરેલી જિલ્લામાં છેલ્લા એક અઠવાડીયાથી મુખ્ય મથકમાં ૪૫ અને ગ્રામ્ય વિસ્તારનાં ૨૭ મળી કુલ ૭૨ નાગરિકોને રખડુ શ્વાને બચકા ભરીને હોસ્પિટલે દોડાવ્યા હોવા છતાં જિલ્લાનાં વિશાળ વહીવટીતંત્ર ધ્વારા રખડુ શ્વાનની સમસ્યા દૂર કરવા માટે મહત્વની કશી જ કાર્યવાહી થતી ન હોય જિલ્લાની

અનુસંધાન પાના ૬ ઉપર

## આગામી ૬ માર્ચનાં રોજ રસાકસીભરી ચૂંટણી યોજાવાની હોય

# અમરેલીનાં જાણીતા એડવોકેટ બકુલ પંડયાએ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં દાવેદારી રજૂ કરી

**જિલ્લામાં દાયકાઓથી વકીલ તરીકે કામગીરી કરતાં હોય સૌ કોઈનું માનીતુ નામ**



અમરેલી, તા. ૯
સમગ્ર ગુજરાતનાં વકીલોમાં અતિ મહત્વની ગણાતી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ૬ માર્ચે યોજાનારી ચૂંટણીમાં અમરેલીમાં દાયકાઓથી વકીલ તરીકે ઉત્તમ કામગીરી કરનાર અને તમામ વકીલોનાં મિત્ર ગણાતાં નિષ્ઠાવાન વકીલ બકુલભાઈ પંડયાએ દાવેદારી રજૂ કરતાં જિલ્લાનાં વકીલોમાં ઉત્સાહનો માહોલ છવાયો છે.

૧ ફેબ્રુઆરીથી ૭ ફેબ્રુઆરી સુધીમાં દાવેદારીપત્રક રજૂ થયા બાદ આગામી ૧૨ ફેબ્રુઆરીનાં રોજ માન્ય ઉમેદવારોની યાદી રજૂ થવાની છે. ત્યાં સુધી રાજયભરમાં હજારો વકીલોમાં આ ચૂંટણીને લઈને ચર્ચાઓ યથાવત રહેશે.

બુકલભાઈ પંડયા લાંબા સમયથી વકીલાત ક્ષેત્રે કાર્યરત છે. વકીલ સમુદાયનાં હિતો અને તેમના પ્રશ્નો માટે તેઓ હંમેશા સક્રિય રહ્યા છે. તેમની અનુભવી કાર્યશૈલીને કારણે વકીલ વર્ગમાં તેઓ ભારે લોકપ્રિયતા ધરાવે છે. આજે જયારે તેઓ ફોર્મ ભરવા

અનુસંધાન પાના ૬ ઉપર

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. અંકિત માકડિયા — ગેસ્ટ્રોલોજીસ્ટ એન્ડ હિપેટોલોજીસ્ટ — પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત — તા. ૧૨/૦૨/૨૦૨૬- ગુરૂવારે, સવારે ૮:૦૦ થી ૦૧:૦૦
ડો. અલ્પેશ કિકાણી — હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ — લોહી તથા કેન્સરના રોગોના નિષ્ણાંત — તા. ૧૩/૦૨/૨૦૨૬- શુક્રવારે, સાંજે ૦૪:૩૦ થી ૦૫:૩૦
ડો. જીગર પટેલ — પીડીયાટ્રીક સર્જન — નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન — તા. ૧૩/૦૨/૨૦૨૬- શુક્રવારે, સાંજે ૦૫:૦૦ થી ૦૭:૦૦
ડો. ડેનિશ સાવલીયા — નેફ્રોલોજીસ્ટ — કિડનીના રોગોના નિષ્ણાંત — તા. ૧૪/૦૨/૨૦૨૬- શનિવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો. મનિષ પદ્દણી — ન્યુરો ફીજીશ્યન — મગજના રોગોના નિષ્ણાંત — તા. ૧૪/૦૨/૨૦૨૬- શનિવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ — હૃદયરોગ નિષ્ણાંત — તા. ૧૫/૦૨/૨૦૨૬- રવિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૦૮૦૩ ૯૫૯૯૯
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલિટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૯ ૪૯૪૩૦

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,43,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૯/૦૨/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

**અમારા કહયામાં નથી**



**ખોડુભાઈ શંભુભાઈ વસ્તરપરા**

આથી હું શંભુભાઈ કેશવભાઈ વસ્તરપરા રહે. ચમારડી, તા. બાબરા, જી. અમરેલી નિવાસી જાહેર જનતાને જણાવું છું કે, મારા પુત્ર ખોડુભાઈ શંભુભાઈ વસ્તરપરા (ઉ.વ.૩૫) વ્યવસાયે વેપાર, જે અમારા કહયામાં નથી તેમજ અમારી સાથે તેમનો કોઈ જાતનો સામાજીક કે આર્થિક વ્યવહાર સબંધ નથી, જેથી જાહેર જનતાને તેમજ અમારા પરિવારનાં સભ્યો, સગા-સ્નેહીઓ, મિત્રો, વ્યપારીઓને જણાવવનું કે, તેમની સાથે અમારા નામે કોઈપણ આર્થિક, સામાજીક કે વ્યપારીક તથા કાયદાકીય વ્યવહાર કરવા નહી, આમ છતા જો કોઈ તેમની સાથે વ્યવહારો કરશે તો તેમની તમામ જવાબદારીઓ અમારી રહેશે નહી, જે જાહેર જનતાને જાણ માટે

લી. શંભુભાઈ કેશવભાઈ વસ્તરપરા - મુ ચમારડી, તા. બાબરા, જી. અમરેલી



NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
(ગોળ હોસ્પિટલ) - અમરેલી
ડો. ચેતના મુરારકર (ગાયનેકોલોજીસ્ટ)
નોર્મલ તથા સીઝેરિયન (CS) ડિલિવરી આયુષ્માન કાર્ડમાં
તદ્દન મફત
અનુભવી સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૨૪*૭ સારવાર ઉપલબ્ધ
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો 99789 66629

## એચ.એલ. પટેલ અને સાંસદ રૂપાલાનાં હસ્તે ધો. ૧૦ અને ધો. ૧૨ નાં રેન્કર વિદ્યાર્થીઓનું સન્માન

# અમરેલી : ઓક્સફર્ડ સ્કૂલ ખાતે દબદબાભેર વાર્ષિકોત્સવની ઉજવણી













અમરેલી જીલ્લામાં અભ્યાસક્ષેત્રે ઉજળું નામ ધરાવતી ઓકસફર્ડ સ્કુલ ઓફ સાયન્સ, અમરેલીમાં "પ્રતિભાઓના પોંખણા" વાર્ષિકોત્સવ (અમારા વિદ્યાર્થી– અમારૂં ગૌરવ)ના અધ્યક્ષ અને શાળાના માર્ગદર્શક અને સદા જેમના તરફથી સાથ અને સહકાર મળેલ છે તેવા રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો અને આ કાર્યક્રમના પ્રેરણાસ્તોત્ર અને આ સંસ્થાના માર્ગદર્શક ગુરૂવર્ય એચ.એલ. પટેલની સાક્ષી અને સંમતિથી શરૂ કરવામાં આવ્યો.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ ધોરણ ૧૦/૧૨ કોમર્સ અને સાયન્સના બોર્ડના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને વિદાય તથા અમરેલી જીલ્લાના ઈતિહાસમાં સૌપ્રથમવાર ગત વર્ષમાં ધોરણ ૧૦માં ૬૩ એ–૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને નવાજવા અને આ શાળ ામાંથી અગાઉ સારા પરિણામ સાથે ઉતીર્ણ થઈ રાજયની સારામાં સારી મેડીકલ અને એન્જીનીયરીંગ કોલેજોમાં અભ્યાસ કરતા અને ઓકસફર્ડ સ્કુલનું શૈક્ષણિક ક્ષેત્રે સમગ્ર ગુજરાતમાં નામને ગુંજતું કર્યુ છે તેવા ભૂતપૂર્વમાંથી અભૂતપૂર્વ બનેલ વિદ્યાર્થીઓના પ્રતિભાના પોંખણા કરવાનો છે.

ત્યારે સૌપ્રથમ કાર્યક્રમની શરૂઆત ઓકસફર્ડ સ્કુલની વિદ્યાર્થીનીઓ દ્વારા ગણેશ સ્તુતિ અને સાંસ્કૃતિક કૃતિ દ્વારા કરવામાં કરવામાં આવી.

ત્યારબાદ સંસ્થાના સ્વપ્ન દ્રષ્ટા મયુરભાઈ ગજેરા દ્વારા મંચસ્થ તમામ મહેમાનો તથા વાલીઓનું શાબ્દિક સ્વાગત સાથે ઓકસફર્ડ સ્કુલ ઓફ સાયન્સની અભ્યાસને લગતી માહિતી આપતા આજે આ સ્કુલ જીલ્લામાં અભ્યાસ ક્ષત્રે અવલ્લ નંબર ઉપર છે અને આજે ૧૧ વર્ષની સફર બાદ એક નાનકડા બીજમાંથી ઓકસફર્ડ સ્કુલ આજે મોટું વટવૃક્ષ બની છે. ત્યારે અમો તમોને એમ કહીએ છીએ કે આ ઘેઘુર કબીરવડ ના વડલા નીચે એકવાર છાયડો લેવા જરૂરથી પધારો અને અમો આ મિશનમાં ખરા ઉતરી શકયા છીએ તો તેમાં અમારી શૈક્ષણિક કાર્યપ્રણાલી, સમય સાથે કદમ મિલાવવા, વિદ્યાર્થીઓની સુષુપ્ત શકિતને જગાડવી અને અમારૂં કલીયર વિઝન, દ્રષ્ટિકોણ સાથે સૌથી અગત્યનું કે આ બધું શકય બનવાનું કોઈ મુખ્ય કારણ હોય તો તે છે અમારા વ્હાલા વિદ્યાર્થીઓ અને વાલીઓ. તો તમામ મહેમાનોને મને કહેતા આનંદ થાય છે કે આ છે અમારી ઓકસફર્ડ સ્કુલના અભ્યાસનો અરીસો.

ત્યારબાદ કાર્યક્રમની શુભ શરૂઆત મંચસ્થ મહાનુભાવો દ્વારા માં સરસ્વતી માતા પાસે દીપ પ્રાગટયથી કરવામાં આવી. ત્યારબાદ ભારતીય સંસ્કૃતિ પ્રણાલી મુજબ "મહેમાન હમારા હોતા હે વો જાન સે પ્યારા હોતા હે" તે મુજબ સભાધ્યક્ષ સાંસદ રૂપાલા, એચ.એલ. પટેલ તથા તમામ મંચસ્થ મહાનુભાવોનું શાલ તથા પુષ્પગુચ્છથી મયુરભાઈ ગજેરા, પ્રહલાદભાઈ વામજા, હિરેનભાઈ સુતરીયા, કેતનભાઈ સભાયા તથા ગૌતમભાઈ ગજેરા દ્વારા ખુબ જ ભાવ અને ઉમંગથી તાલીઓના નાદ સાથે કરવામાં આવ્યું.

ત્યારબાદ પ્રતિભાના પોંખણા કરતા સૌપ્રથમ ગત વર્ષ ધોરણ ૧૨ સાયન્સની વિદ્યાર્થીની કુમારી હસ્તી વિરપરા ૯૫.૫૩ ટકા લાવી અમરેલી જીલ્લામાં પ્રથમક્રમે આવેલ તેને સભાધ્યક્ષ રૂપાલા દ્વારા સન્માનિત કરવામાં આવી અને આ સીલસીલો ચાલુ રાખતા ગત વર્ષમાં ધોરણ ૧૨ સાયન્સ તથા કોમર્સમાં એ–૧ ગ્રેડ મેળ વી ગુજરાતની નામાંકિત મેડીકલ અને એન્જીનીયરીંગ કોલેજમાં એડમિશન મેળવેલ વિદ્યાર્થીઓ તથા ગત વર્ષમાં ધોરણ ૧૦માં ૬૩ એ–૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ કે જેઓ હાલ અમારી શાળામાં અભ્યાસ કરે છે તેમને પણ મંચસ્થ મહાનુભાવો દ્વારા શિલ્ડ અર્પણ કરી નવાજવામાં આવ્યા.

ત્યારબાદ સાંસદ રૂપાલા દ્વારા સાંપ્રત શૈક્ષણિક પધ્ધતિ શું છે અને તેમાં શું ફેરફારની જરૂર છે અને તેમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોની શું ભૂમિકા છે અને આ ત્રણેયમાં શું ફેરફારની જરૂર છે તેની માર્મિક ટકોર કરી વિદ્યાર્થીઓને બિનજરૂરી લાડકોડને બદલે બધી જ બાબતમાં પાવરધા અને ખડતલ બને સાથે શાળામાં સરકાર દ્વારા જે નવી શૈક્ષણિક નીતિઓ ઘડાઈ રહી છે તે અનુસંધાને ભણતર ભારવિનાનું અને રોજગારલક્ષી બને અને વિદ્યાર્થીઓ ભણતરની સાથે ગણતર પણ શીખે તે ખુબ જરૂરી છે. ઈરે તમામને અઢળક શકિતઓ આપેલ છે તેને ઓળખીને બહાર લાવવાનું કામ આ શિક્ષકોનું છે. ઓકસફર્ડ સ્કુલનાં સંચાલકો અને તેમની ટીમ જે શૈક્ષણિક કાર્ય કરી રહી છે તે ખુબ સારી અને સરાહનીય છે. આજે તમો વાલીઓને વાત કરૂં તો મોટા મોટા શહેરમાં તગડી ફી ભરી ને જે શિક્ષણ નથી મળતું તે આ ઓકસફર્ડ સ્કુલ દ્વારા અપાઈ રહ્યું છે તો તેમને પણ હું ધન્યવાદ આપું છું સાથે તેમના કામની સરાહના સાથે રાજીપો વ્યકત કરૂં છું.

અને છેલ્લે ઓકસફર્ડની વિદ્યાર્થીનીઓએ બે સાંસ્કૃતિ કૃતિઓ રજુ કરી તમામ હાજર લોકોને મંત્રમુગ્ધ કરી તાળીઓ પાડવા મજબુર કરી દીધા. ડો. કેતન કાનપરિયા દ્વારા કાર્યક્રમનું ખુબ જ સુંદર સંચાલન કરવામાં આવ્યું અને પ્રદીપભાઈ માંગરોળિયા દ્વારા સ્ટેજ વ્યવસ્થા ગોઠવવામાં આવી તે બદલ ઓકસફર્ડ સ્કુલ મેનેજમેન્ટ દ્વારા તેમનો હૃદયથી આભાર વ્યકત કરેલ.

અંતમાં ચંદુભાઈ ધાનાણી દ્વારા તમામ મંચસ્થ મહેમાનો, તમામ પધારેલ મહેમાનો અને વાલીઓ તથા વિદ્યાર્થીઓ અને ઓકસફર્ડ પરિવારના તમામ શિક્ષક ભાઈઓ અને બહેનો તથા તમામ સ્ટાફ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવામાં જે જહેમત ઉઠાવી અને જે મહેનત કરી તે બદલ ઓકસફર્ડ સ્કુલના મેનેજમેન્ટ વતી મયુરભાઈ ગજેરા તથા પ્રહલાદભાઈ વામજા દ્વારા હૃદયના ભાવથી આભાર વ્યકત કરવામાં આવ્યો. તેવું ઓકસફર્ડ સ્કુલના મેનેજમેન્ટની યાદી જણાવે છે.

---

### આર્થિક સંકડામણમાં સામાન્ય રકમને લઈને માથાકુટ

## લીલીયા મોટાનાં ક્રાંકચ ગામના ખેડૂતે ઉછીનાં નાણાની ઉઘરાણી કરતા થયો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૯

લીલીયા તાલુકાના ક્રાંકચ ગામે આવેલ પ્રાથમિક આરોગ્યની સામે રહેતાં પરેશભાઈ કનુભાઈ ચૌહાણ નામના ૪૦ વર્ષીય ખેડુતે ગારીયાધાર ગામે રહેતાં આરોપી ભરતભાઈ ઓધાભાઈ ગોહિલને રૂપિયા ૩૦૦૦ ઉછીના આપેલ હોય તેની ઉઘરાણી ખેડૂતે કરતા તે આરોપીને સારૂ નહી લાગતા આરોપીએ પૈસા આપવાની ના પાડી અને બોલાચાલી કરેલ હોય અને બાદ ગત તા.૭ ના સાંજે પાંચ સાડા પાંચ વાગ્યે આરોપીએ ફોન કરી ક્રાંકચ ગામે આવેલ કાળુભાઈ વૈષ્ણવના મંડપના ડેલા પાસે બીજા ત્રણ આરોપીઓને બોલાવી ખેડૂતને ગાળો આપી અને પૈસાની ઉઘરાણી નહીં કરવાનું કહી માથાના ભાગે લોખંડનો પાઈપ મારી ગંભીર ઈજા પહોચાડી હતી. અને પૈસાની ઉઘરાણી કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

### ડ્રગ્સ કેસમાં સસ્પેન્ડ થતા જેનો ખાર રાખીને

## કોવાયા ગામે ગ્રામ પંચાયતમાંથી સભ્યપદેથી દુર થયેલ ઈસમે ૨ વ્યકિત પર કર્યો હુમલો

### ૧ વ્યકિતએ પહેરેલ સોનાની માળા તુટી ગઈ

અમરેલી, તા. ૯


રાજુલા તાલુકાના કોવાયા ગામે રહેતાં નનાભાઈ ઉર્ફે કરણ રામભાઈ વાઘ નામના આરોપી ગામ પંચાયતના સભ્યપદમાંથી દોઢેક વર્ષ પહેલા ડ્રગ્સ કેસમાં સસ્પેન્ડ થયેલ હોય જે વાતનો ખાર રાખી તે જ ગામે રહેતા દુલાભાઈ સાર્દુળ ભાઈ લાખણોત્રાને આરોપીએ બેફામ ગાળો આપી હાથમાં રહેલ લાકડી વડે આડેધડ તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારેલ હતો. જયારે આરોપીના કાકા જીણાભાઈ સાદુળભાઈ વાઘએ પણ ગાળો આપી ઢીકાપાટુનો માર મારી અને ઝપાઝપી કરેલ અને આ ઝપાઝપીમાં દરમિયાન દુલાભાઈએ પહેરેલ સોનાની માળા તુટી ગયેલ હતી. અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની આરોપી સામે ફરિયાદ નોંધાઈ છે.

---

### ખેડૂતોની રજૂઆતને લઈને ધારાસભ્ય જનક તળાવીયાની રજૂઆત થતાં

## અરે વાહ : બાબરાનાં સુખપર, નીલવડા, દરેડ, ખંભાળા સહિતનાં ગામોમાં નર્મદાનાં નીર ખળખળ વહેતા થયા

### ખેતી અને પશુપાલન સાથે જોડાયેલ સૌ કોઈમાં ખૂશીનો માહોલ





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૯

બાબરા તાલુકાના વિવિધ ગામોના ખેડૂતો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. લાંબા સમયથી સિંચાઈ અને પાણીની સમસ્યા વેઠી રહેલા ખેડૂતોની રજૂઆતને ધ્યાને રાખીને સ્થાનિક ધારાસભ્ય દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી છે, જેના પરિણામે વિસ્તારમાં નર્મદાના નીર પહોંચ્યા છે.

બાબરા તાલુકાના સુખપર, નિલવડા, બાબરા, દરેડ અને ખંભાળા સહિતના ગામોના ખેડૂતો દ્વારા પાણીની સમસ્યા અંગે સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. ખેડૂતોની આ વેદના અને જરૂરિયાતને સમજીને ધારાસભ્યએ જરા પણ વિલંબ કર્યા વગર સંબંધિત વિભાગો સાથે સંકલન સાધ્યું હતું.

ધારાસભ્યના સચોટ અને અસરકારક પ્રયાસોને લીધે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે નર્મદાનું પાણી છોડાવવામાં આવ્યું છે. નર્મદાના નીર આ ગામો સુધી પહોંચતા જ ખેતી અને પશુપાલન પર નિર્ભર પરિવારોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

પોતાની રજૂઆતનો આટલો ઝડપી અને હકારાત્મક ઉકેલ આવતા આ વિસ્તારના તમામ ખેડૂતોએ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની કાર્યશૈલીને બિરદાવી છે અને તેમનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો છે. પાણીની સુવિધા ઉપલબ્ધ થતા આગામી સમયમાં પાકને નવું જીવન મળશે તેવી આશા ખેડૂતો વ્યકત કરી રહ્યા છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

## કપોળ મહાજનનાં વડીલ ગજેન્દ્રભાઈ (ગીજુકાકા)એ ૯૧માં વર્ષમાં પ્રવેશ કરતાં

# અમરેલી ખાતે કપોળ સમાજનાં ભામાશાનાં યુરેનિયમ મહોત્સવની ઉજવણી

**કપોળ મહાજન વાડી ખાતે રવિવારની સુમધુર સાંજે સંગીત યાત્રા, સન્માન અને ભાવતા ભોજનનો ત્રિવેણી સંગમ સર્જાયો**

**કપોળ સમાજનાં દરેક પરિવારોએ વડીલ ગીજુકાકાનું અદ્દકેરૂ સન્માન કરી જન્મદિવસની શુભેચ્છા પાઠવી**

**શહેરની જુદી-જુદી સંસ્થાઓને ગીજુકાકા દ્વારા આર્થિક અનુદાન જાહેર કરાયુ**

**કાર્યક્રમને સફળ બનાવવા માટે કપોળ મહાજનનાં તમામ આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી**



અમરેલી, તા. ૯

અમરેલી કપોળ મહાજન વાડીમાં રવિવારની સુમધુર સંધ્યાએ સંગીતમય માહોલમાં અમરેલી કપોળ સમાજનાં ભામાશા ગજેન્દ્રભાઈ નરોતમદાસ દેસાઈ ૯૦ વર્ષ પૂર્ણ કરી ૯૧માં વર્ષમાં પ્રવેશ કરતા તેમના પરિવાર તથા અમરેલી કપોળ મહાજન ધ્વારા યુરેનિયમ મહોત્સવની ઉજવણી કરવામાં આવેલ. આ તકે અમરેલી કપોળ સમાજનાં તમામ સ્નેહીજનો, જ્ઞાતિબંધુ, શુભેચ્છકો, વેપારી મિત્રો, પત્રકાર મિત્રો તથા તેમના પડોશીઓ સહિત વિશાળ સંખ્યામાં હાજર રહેલ.

સંગીત સંધ્યાથી આ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. ત્યારબાદ દેસાઈ પરિવાર તરફથી હ. ગજેન્દ્રભાઈ દેસાઈ તરફથી રૂપિયા એક લાખ પ્રતિ વર્ષ અમરેલી કપોળ મહાજનને મેડીકલ સહાય રૂપે દાન કરવામાં આવેલ તેમજ રૂપિયા ૧.૧૧ લાખ વિદ્યાર્થીના ઈનામ વિતરણમાં જાહેર કરવામાં આવેલ. સાથો સાથ ગૌશાળામાં ૨ ગાયનું દાન કરવા પેટે ૨૫ હજાર, મંદબુધિધ શાળા, અંધશાળામાં રૂા. ૨૧ હજાર, પાંજરા પોળ ગૌશાળામાં ૫૧ હજાર, રામજી મંદિર જીર્ણોધ્ધારમાં રૂપિયા ૧.૧૧ લાખ તેમજ ભીડભંજન મહાદેવ મંદિરમાં ૫૧ હજાર ઉપરાંત સૌરાષ્ટ્ર કપોળ સમાજને ૨૧ હજાર દાન પેટે જાહેર કરેલ છે.

ગજેન્દ્રભાઈ દેસાઈનું તેમના પરિવાર ધ્વારા તેમજ અમરેલી કપોળ મહાજન તથા અન્ય જુદી જુદી સંસ્થાઓ ધ્વારા ૩૫ જેટલી સંસ્થાએ સન્માન કરેલ. સાથોસાથ વ્યકિતગત સન્માન પણ ૫૦ જેટલી અગ્રણી વ્યકિત ધ્વારા કરવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમ બહોળી હાજરીમાં ધામધુમપૂર્વક ઉજવવામાં આવેલ તેમજ કાર્યક્રમના અંતે તમામ આમંત્રિતોએ દેસાઈ પરિવાર સાથે શાહી ભોજન પણ લીધેલ. આ કાર્યક્રમમાં અમરેલી મોટાભાગના પત્રકારોએ પણ હાજરી આપેલ.

સમગ્ર કાર્યક્રમનાં અંતે ગજેન્દ્રભાઈ દેસાઈ પરિવાર તરફથી હાજર રહેલ તમામ આમંત્રિતો તથા મહેમાનો તેમજ પત્રકારોનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241





























### મંગળવાર સુધી સંસદની કાર્યવાહી સ્થગિત

# સંસદ શરૂ થતાં જ ભારે ઉહાપોહ મચાવવામાં આવતા કાર્યવાહી સ્થગિત

**રાહુલ ગાંધી પૂર્વ સેના પ્રમુખ નરવણે પર બોલવા માંગતા હતા પણ મંજૂરી ન અપાતા વિપક્ષે ફરી વિરોધ કર્યો હતો**

નવી દિલ્હી, તા.૯

સંસદના બજેટ સત્રમાં સતત હંગામો જોવા મળી રહ્યો છે. આજે સવારે ૧૧ વાગ્યે સંસદ શરૂ થતાં જ ભારે ઉહાપોહ મચાવવામાં આવ્યો જે બાદ મંગળવાર સુધી સંસદની કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી.

આજે ફરી રાહુલ ગાંધી પૂર્વ સેના પ્રમુખ નરવણે પર બોલવા માંગતા હતા પણ તેમણે બજેટ પર જ બોલવા માટેની મંજૂરી આપવામાં ન આવતા વિપક્ષે ફરી સંસદમાં ભારે વિરોધ કર્યો હતો. જે બાદ રાહુલ ગાંધીએ લોકસભા સ્પીકરની મુલાકાત કરી હતી અને વિવિધ મુદ્દા પર વિપક્ષનો પક્ષ રાખ્યો હતો.

સૂત્ર તરફથી એ પણ માહિતી મળી છે કે વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ ઈન્ડિ ગઠબંધનના નેતાઓ સાથે લોકસભા સ્પીકર ઓમ બિરલા સાથે મુલાકાત કરી હતી. જેમાં મુખ્યત્વે ત્રણ મુદ્દા ઉઠાવ્યા હતા, જેવા કે, રાષ્ટ્રપતિના અભિભાષણ પર વિપક્ષને બોલવાની જ મંજૂરી આપવામાં આવી નથી, બીજો મુદ્દો એ મૂક્યો કે સત્તા પક્ષ દ્વારા ઘણી વખત પુસ્તકને ટાંકીને વિપક્ષ પર આરોપો મૂકવામાં આવે છે, તો બીજી તરફ કેમ વિપક્ષ પુસ્તકની વાતને ટાંકીને સંસદમાં રજૂ કરે તો તેને મંજૂરી આપવામાં આવતી નથી, છેલ્લે રાહુલ ગાંધીએ આઠ સાંસદોને સત્રમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા તે પર પણ પોતાનો પક્ષ મૂક્યો હતો, છેલ્લે વડાપ્રધાન મોદી પર લોકસભામાં અપ્રિય થવાની શક્યતા હતી તે વાતને નકારી કાઢી હતી અને સવાલ કર્યો હતો કે તો ફરિયાદ કેમ નોંધવામાં આવી નથી?

રાહુલ ગાંધીએ કહ્યું કે, અમે ખૂબ જ પરેશાન છીએ કે એ ફેલાવવામાં આવી રહ્યું છે કે લોકસભા વિપક્ષી સભ્યો વડા પ્રધાનને ધમકાવવાના હતા. તેવો કોઈ સવાલ ઊભો જ થતો નથી, સત્ય સાફ છે, વડાપ્રધાન સંસદમાં આવવાથી ડરી રહ્યા છે. કેમ કે તેઓ સત્યનો સામનો કરી શકતા નથી. અમારા સભ્યો વડા પ્રધાન પર હુમલો કરે તેવો કોઈ સવાલ જ ન હતો. તેમનામાં આવવાની હિંમત હોવી જોઈએ. જો વડા પ્રધાન પર હુમલો થવાની શક્યતા હતી તો તાત્કાલિક કેસ નોંધવો જોઈએ અને જવાબદારોની ધરપકડ થવી જોઈએ. તમે કેમ એવું કરી રહ્યા નથી?

૫ ફેબ્રુઆરીના રોજ ઓમ બિરલાએ કહ્યું હતું કે, હું ખૂબ દુખી થઈને કહી રહ્યો છું કે મારી ચેમ્બરમાં કેટલાક સદસ્યો જે વ્યવહાર કર્યો તેવું ભૂતકાળમાં ક્યારેય નથી થયું. વિપક્ષના સદસ્યોએ જે કર્યું તે કલંક સમાન છે. પીએમ મોદી રાષ્ટ્રપતિના અભિભાષણ પર જવાબ આપવાના હતા. તે પહેલા મારી પાસે જાણકારી આવી કે કોંગ્રેસના સાંસદો વડાપ્રધાન સાથે અપ્રિય ઘટના કરી શકે છે. જે બાદ મેં વડાપ્રધાન મોદીને આગ્રહ કર્યો કે તમે સદનમાં ન આવશો. હું પીએમ મોદીનો આભારી છું કે તેમણે મારી વાત સ્વીકારી. જો મોદી લોકસભામાં આવ્યા હોત તો પરિસરમાં અપ્રિય ઘટના થઈ હોત.

### ડિજિટલ ફ્રોડ મામલે સુપ્રીમ કોર્ટનો કડક આદેશ

# ગુજરાત સહિત દેશભરમાં લાગુ કરો SOP : સુપ્રીમ

**અત્યાર સુધીમાં સાયબર ઠગ ટોળકી દ્વારા અંદાજે ૫૪,૦૦૦ કરોડથી વધુની રકમ પડાવી લેવામાં આવી**

નવી દિલ્હી, તા.૯

દેશમાં સતત વધી રહેલા ડિજિટલ ફ્રોડના કિસ્સાઓ પર સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરી છે. અદાલતે આ પ્રકારની છેતરપિંડીને લૂંટ ગણાવતા અત્યંત ગંભીર ટિપ્પણી કરી છે. ખાસ કરીને ગુજરાત અને દિલ્હી સરકારને આદેશ આપ્યો છે કે, ડિજિટલ અરેસ્ટ જેવા ગંભીર ગુનાઓની તપાસ માટે જરૂરી મંજૂરીઓ આપવામાં સહેજ પણ વિલંબ ન કરવામાં આવે, જેથી તપાસ પ્રક્રિયા ઝડપી બની શકે.સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન જણાવ્યું કે, અત્યાર સુધીમાં સાયબર ઠગ ટોળકી દ્વારા અંદાજે રૂ.૫૪,૦૦૦ કરોડથી વધુની રકમ પડાવી લેવામાં આવી છે. આ સ્થિતિને કાબૂમાં લેવા માટે કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા તૈયાર કરવામાં આવેલી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર (SOP)ને સમગ્ર દેશમાં સત્તાવાર રીતે લાગુ કરવામાં આવે.

અદાલતે સ્પષ્ટ કહ્યું છે કે, આવા કિસ્સાઓમાં બેંકોની બેદરકારી અથવા અધિકારીઓની મિલીભગતની શક્યતાને નકારી શકાય નહીં. RBIની SOP મુજબ, જો કોઈ શંકાસ્પદ વ્યવહાર જણાય તો તાત્કાલિક ડેબિટ કાર્ડ હોલ્ડ પર રાખવા જેવી ત્વરિત કાર્યવાહી થવી જોઈએ, જેથી સામાન્ય નાગરિકના નાણાં બચાવી શકાય.સુપ્રીમ કોર્ટે આ મામલે CBIને દેશભરમાં નોંધાયેલા ડિજિટલ અરેસ્ટના કેસોની ઓળખ કરી તેની વિસ્તૃત તપાસ કરવા સૂચના આપી છે. આ ઉપરાંત ટેલિકોમ વિભાગ (DoT), RBI અને અન્ય એજન્સીઓને ચાર અઠવાડિયામાં સંયુક્ત બેઠક યોજીને એક ડ્રાફ્ટ તૈયાર કરવા જણાવાયું છે. આ સમન્વયનો મુખ્ય હેતુ એજન્સીઓ વચ્ચે માહિતીની આપ-લે અને છેતરપિંડી રોકવાનો છે.

કોર્ટે માનવીય અભિગમ અપનાવતા કહ્યું કે, ડિજિટલ અરેસ્ટનો શિકાર બનેલા લોકો ઘણીવાર માનસિક અને આર્થિક રીતે તૂટી જતા હોય છે. આવા પીડિતોને વળતર આપવા માટે એક અસરકારક માળખું તૈયાર કરવું જરૂરી છે.વળતરની પ્રક્રિયામાં ટેકનિકલ ગૂંચવણોને બદલે ઉદાર અભિગમ રાખવો જોઈએ, જેથી પીડિતોને રાહત મળી શકે.

### પેટ ડોગ્સને મળશે સન્માનભેર અંતિમ વિદાય

# અમદાવાદમાં ગુજરાતનું પ્રથમ આધુનિક શ્વાન મુક્તિધામ શરૂ

**બહેરામપુરા ખાતે નોર્થ ઇસ્ટ મશીન કરમસદ એજન્સી દ્વારા રૂ.30 લાખના ખર્ચે CNG ગેસ સંચાલિત ડોગ ક્રિમેટોરિયમ (એનિમલ ક્રિમેટર) કાર્યરત કરાયું છે**

અમદાવાદ,તા.૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગ દ્વારા ગુજરાતમાં પેટ ડોગ ઓનર્સ માટે સૌપ્રથમવાર કોર્પોરેશન સંચાલિત CNG બેઝ્ડ ક્રિમેટોરિયમ મશીન પેટ ડોગ્સની અંતિમવિધિની સુવિધા માટે કાર્યરત કરવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં કોર્પોરેશન સંચાલિત શહેરી વિસ્તારમાં પણ આ પ્રથમ પેટ ડોગ ક્રિમેટોરિયમ છે.

ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ થયેલા એબીસી રૂલ્સ–૨૦૨૩ તથા NAPRE–૨૦૩૦ મુજબ રખડતા શ્વાનના રસીકરણ અને ખસીકરણ, પેટ ડોગ રજિસ્ટ્રેશન, બીમાર શ્વાનની તબીબી સારવાર, ડેડીકેટ ફીડીંગ સ્પોટ, વેલ્ફેર પ્રવૃત્તિઓ, સારવાર તથા સાર-સંભાળ જેવી વિવિધ કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સતત અમલમાં મુકાઈ રહી છે. આ જ નિયમોના અનુસંધાને મૃત પેટ ડોગ્સના અંતિમ સંસ્કાર વૈજ્ઞાનિક પદ્ધતિથી કરી સદગત જીવાત્માને સન્માનપૂર્વક અંતિમ વિદાય આપવાની સુવિધા AMC દ્વારા શરૂ કરવામાં આવી છે.અમદાવાદ શહેરમાં સીએનસીડી એબીસી સેન્ટર, જમાલપુર ચાર રસ્તાથી ખોડિયારનગર ચાર રસ્તા રોડ, સુએઝ પંપિંગ સ્ટેશન કેમ્પસ, બહેરામપુરા ખાતે નોર્થ ઈસ્ટ મશીન કરમસદ એજન્સી દ્વારા રૂ.૩૦ લાખના ખર્ચે CNG ગેસ સંચાલિત ડોગ ક્રિમેટોરિયમ (એનિમલ ક્રિમેટર) કાર્યરત કરાયું છે. આ ઉપરાંત, શ્વાનના ખસીકરણ ઓપરેશન દરમિયાન નીકળતા ઓર્ગનના નાશ માટે નાનું ઓર્ગન ક્રિમેટર મશીન છેલ્લા બે વર્ષથી સફળતાપૂર્વક કાર્યરત છે.

આ ગેસ ફાયર્ડ ડોમેસ્ટિક ડોગ ક્રિમેટર એક સમયે ત્રણ ડોગના અંતિમ સંસ્કાર કરવાની ક્ષમતા ધરાવે છે. તેમાં પ્રાઈમરી અને સેકન્ડરી ચેમ્બર હોવાથી દહન પ્રક્રિયા દરમિયાન ચિમનીમાંથી કોઈ દુર્ગંધ બહાર આવતી નથી. મશીનમાં મહત્તમ ૮૫૦ ડિગ્રી સેન્ટિગ્રેડ તાપમાન સુધી કામગીરી શક્ય છે અને સામાન્ય રીતે ૮૦૦°Cથી ૯૦૦°C તાપમાને દહન પ્રક્રિયા થાય છે. બે ડોગના અંતિમ સંસ્કાર માટે આશરે ૧૪ યુનિટ નેચરલ ગેસનો ઉપયોગ થાય છે, જ્યારે એક ડોગ માટે અંદાજે રૂ.૭૦૦ જેટલો ખર્ચ આવે છે. આ મશીન પર્યાવરણીય માપદંડોને અનુરૂપ, સ્મોક ઓડરલેસ અને કલરલેસ તેમજ એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી છે. મશીનમાં ઓટોમેટ ટ્રોલી સિસ્ટમ દ્વારા મૃત પ્રાણીને અડ્યા વગર પ્લેટફોર્મ સિસ્ટમથી ક્રિમેટર મશીન સુધી લઈ જવાની સુવિધા ઉપલબ્ધ છે.

હ્યુમન ક્રિમેટોરિયમના ધોરણે અહીં અંતિમવિધિ માટે માનવસંવેદનશીલ વ્યવસ્થાઓ પણ કરવામાં આવી છે. CCTV સુવિધા હોવાના કારણે પેટ ડોગ ઓનર પોતાના ઘરે બેઠા પોતાના પેટ ડોગની અંતિમવિધિ જોઈ શકે છે. મૃત શ્વાનના પરિવારજનો માટે ૬ સિટિંગ બાકડાની વ્યવસ્થા છે, તેમજ પેટ ડોગની અંતિમવિધિ પૂર્ણ થયા બાદ પેટ ડોગની અસ્થિ/રાખને માટલીમાં ભરી લાલ કપડામાં મૂકીને સન્માનપૂર્વક પેટ ડોગ ઓનરને તેમના ઘરે સુધી આપવાની સુવિધા છે.

આ ક્રિમેટેરિયમના ઉપયોગની પ્રક્રિયા સરળ છે, જેમાં પેટ ડોગનાં મૃત્યુ અંગે ૧૫૫૩૦૩ પર ફોન કરી જાણ કરવાની હોય છે, તેમજ પેટ ડોગના રજિસ્ટ્રેશનની રસીદ મોકલવાની રહે છે. આ ઉપરાંત ખાતાની અંતિમ ધામ જીવ સેવા રથ, ફુલહાર, પૂજા સામગ્રી સાથે મૃત ડોગ્સનાં સ્થળ પર માલિકની મુલાકાત લઈ પેટ ડોગ્સની વિધિવત માલિક દ્વારા તેના ઘરે પૂજા વિધિ, ફુલહાર કરી પેટ ડોગને સન્માનપૂર્વક ક્રિમેટોરિયમ ખાતે લાવવામાં આવે છે. માલિક ઈચ્છે તો ક્રિમેશનની વિધિમાં સામેલ રહી શકે છે. જો પેટ ડોગનું રજિસ્ટ્રેશન થયેલ ન હોય તો તેવા માલિકો માટે ઓનલાઈન માધ્યમથી રજિસ્ટ્રેશન/શ્વાન સેવા ડોનેશન કરવા માટેની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. પરિવારજનો માટે ફોટો અથવા વીડિયો તેમજ પેટ ડોગના મૃત્યુનું પ્રમાણપત્ર અને વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે યાદગીરી સંદેશ આપવાની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

આ ગેસ ફાયર્ડ ડોગ ક્રિમેટર અપનાવવાનું મુખ્ય કારણ એ છે કે, અકસ્માતથી કે કુદરતી રીતે શ્વાનનું મૃત્યુ થવા પર જમીનમાં દફનાવવાથી જમીન પ્રદૂષિત થાય છે અને વિવિધ રોગો ફેલાવાનો ભય રહે છે, તેમજ પૂરતી જગ્યા પણ ઉપલબ્ધ હોતી નથી. પાલતુ તેમજ શેરીનાં કુતરાઓમાં કેનાઈન ડિસ્ટેમ્પર વાઈરસ, હડકવા જેવા વાઈરસ જોવા મળતા હોય છે. ત્યારે આ ક્રિમેશન પ્રક્રિયા દ્વારા કેનાઈન ડિસ્ટેમ્પર જેવા વાઈરસનો નાશ થતો હોવાથી અન્ય ડોગ્સમાં સંક્રમણનો ખતરો પણ ટળે છે.

આ ઉપરાંત પેટ ડોગ માલિકો કે જે પોતાના ડોગને માટે ખુબ જ લાગણી રાખે છે અને તેને પરિવારના સભ્યની જેમ રાખતા હોવાથી તેમના અવસાન સમયે સન્માનપૂર્વક અંતિમ સંસ્કારની વ્યવસ્થા ખૂબ જ જરૂરી બની છે. આ જરૂરિયાતને ધ્યાને લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ સુવિધા ઉભી કરવામાં આવી છે. ભવિષ્યમાં તેની ઉપયોગિતા અને માંગને ધ્યાનમાં રાખી વધુ બે નવા ડોગ ક્રિમેટોરિયમ સ્થાપવાનું આયોજન પણ કરવામાં આવશે. શહેરમાં ૧૬૮૪૩ પેટ ડોગ માલિકો દ્વારા ૧૯૧૬૨ પેટ ડોગ્સની નોંધણી કરાયેલી છે, જેમની સુવિધા માટે આ પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. આ અબોલ અને અણમોલ જીવને માનવીય સંવેદનાથી અંતિમ વિદાય આપવાનું ઉત્તમ જીવસેવા કાર્ય સીએનસીડી વિભાગની આ પહેલ ગણાશે.

# મોરબીમાં કાયદાના રક્ષકની દાદાગીરી સામે આવી

મોરબી,તા.૯

ગુજરાત પોલીસના કર્મચારીઓ અને અધિકારીઓ પબ્લિક ફ્રેન્ડલી રહેવા માટે સરકાર દ્વારા સૂચના આપવામાં આવી છે. ત્યારે વધુ એક વાર પોલીસની દાદાગીરી સામે આવી છે. મોરબીમાં પીસીઆર વાનના ડ્રાઈવરનો રૌફ જમાવતો વીડિયો વાયરલ થયો છે.

ગુજરાત પોલીસના કર્મચારીઓ અને અધિકારીઓ પબ્લિક ફ્રેન્ડલી રહેવા માટે સરકાર દ્વારા સૂચના આપવામાં આવી છે. ત્યારે વધુ એક વાર પોલીસની દાદાગીરી સામે આવી છે. મોરબીમાં પીસીઆર વાનના ડ્રાઈવરનો રૌફ જમાવતો વીડિયો વાયરલ થયો છે. હળવદમાં રવુભા નામના ૧૧૨ના ડ્રાઈવરે રૌફ જમાવ્યો હોવાનો વીડિયો વાયરલ થયો છે. બેકરીમાં બીલના પૈસા ઓછા કરાવવા માટે રોફ જમાવ્યો હોવાની વિગતો સામે આવી છે.

મોરબીના હળવદમાં પોલીસની ૧૧૨ નંબરની વાનના ડ્રાઈવરે રૌફ જમાવ્યો હોવાનો એક વીડિયો હાલમાં વાયરલ થઈ રહ્યો છે. રવુભા નામના પોલીસ વાનના ડ્રાઈવરે બેકરીની દુકાનમાં બીલના પૈસા ઓછા કરવા માટે દાદાગીરી કરી હતી.

તેમણે બેકરીના વેપારીને એવું કહીને ધમકાવ્યો હતો કે, પૈસા ઓછા નહીં કરતો પોલીસ હેરાન કરશે. બેકરીમાં સર્જાયેલા દ્રશ્યો સીસીટીવીમાં કેદ થઈ ગયા હતાં. કાયદાના રક્ષકની દાદાગીરીથી લોકોમાં રોષ ફેલાયો છે. દુકાનદાર સામે રૌફ જમાવી રહેલી ખાખીની શરમ હવે નેવે મુકાઈ ગઈ છે.

### ૫ નેતાને કાવતરાખોર ગણાવ્યા

# લાલુ યાદવના મોટા દીકરાએ પાર્ટીના ગદ્દારોની યાદી જાહેર કરી

**એવા પાંચ શક્તિશાળી નેતાઓના નામ જાહેર કર્યા છે, જેમને તેઓ પોતાની રાજકીય કારકિર્દીના ગદ્દાર માને છે**

પટણા, તા.૯

બિહારની રાજનીતિમાં પોતાના બેબાક અંદાજ માટે જાણીતા તેજ પ્રતાપ યાદવે ફરી એકવાર RJD પાર્ટીમાં ખળભળાટ મચાવી દીધો છે. તેજ પ્રતાપે કોઈ પણ આડકતરી વાત કરવાને બદલે સીધા જ એવા પાંચ શક્તિશાળી નેતાઓના નામ જાહેર કર્યા છે, જેમને તેઓ પોતાની રાજકીય કારકિર્દીના ગદ્દાર માને છે.

તેજ પ્રતાપનો આરોપ છે કે આ પાંચેય નેતાઓ તેમના વિરુદ્ધ કાવતરાં કરી રહ્યા છે અને તેમને તેમના ભાઈ તેજસ્વી યાદવથી દૂર રાખવાના પ્રયત્નો કરી રહ્યા છે. તેજ પ્રતાપે આ નેતાઓને 'જયચંદ' કહીને સંબોધ્યા છે, જે સમાજમાં વિશ્વાસઘાતના પ્રતીક તરીકે ઓળખાય છે.તેજ પ્રતાપની યાદીમાં મોખરે મુકેશ રૌશન છે, જેમના માટે તેજ પ્રતાપે પોતાની મહુઆ બેઠક છોડી હતી. ૨૦૧૫માં અહીંથી જીતનાર તેજ પ્રતાપે ૨૦૨૫માં ફરી આ જ બેઠક પરથી નસીબ અજમાવ્યું, પણ મુકેશ રૌશન અને તેજ પ્રતાપ બંને હારી ગયા. જે મુકેશ એક સમયે તેમના ખાસ ગણાતા, આજે તે જ તેમના નિશાના પર છે.

યાદીમાં બીજું નામ તેજસ્વીના રાઈટ હેન્ડ અને રાજ્યસભા સાંસદ સંજય યાદવનું છે. હરિયાણાના વતની સંજય યાદવ લાંબા સમયથી તેજસ્વીના રાજકીય સલાહકાર અને રણનીતિકાર છે. તેજ પ્રતાપનો આરોપ છે કે સંજય યાદવ જેવા બહારના લોકો જ ભાઈ-ભાઈને લડાવે છે અને તેમને મુખ્ય રાજનીતિથી દૂર રાખવાનું કાવતરું કરી રહ્યા છે.તેજ પ્રતાપે ત્રીજા સ્થાને તેજસ્વીના અંગત સાથી રમીઝ નેમતનું નામ લીધું છે, જેઓ હંમેશા તેમની સાથે પડછાયાની જેમ રહે છે. તેજ પ્રતાપનો આરોપ છે કે રમીઝ માહિતી તોડી-મરોડીને રજૂ કરે છે અને તેજસ્વીના કાન ભરે છે. સંગઠનમાં રમીઝની વધતી વગથી તેજ પ્રતાપ નારાજ છે, ઉલ્લેખનીય છે કે અગાઉ તેજ પ્રતાપના મોટા બહેન રોહિણી આચાર્યએ પણ લાલુ પરિવારમાં રમીઝની દખલગીરી સામે સવાલ ઉઠાવ્યા હતા.

તેજ પ્રતાપે ચોથા સ્થાને ઈત્તહ્રના મુખ્ય પ્રવક્તા અને પૂર્વ ધારાસભ્ય શક્તિ સિંહ યાદવનું નામ આપ્યું છે. તેજ પ્રતાપનો આરોપ છે કે શક્તિ સિંહ જાહેરમાં પક્ષની તરફેણ કરે છે, પરંતુ અંદરખાને તેમની છબી બગાડવાનું કામ કરી રહ્યા છે. તેજ પ્રતાપ તેમની સક્રિયતા અને નિવેદનોને પોતાની અવગણના તરીકે જોઈ રહ્યા છે.તેજ પ્રતાપે પાંચમા 'જયચંદ' તરીકે સ્ન્ઝ અને બિસ્કોમાનના અધ્યક્ષ સુનીલ સિંહનું નામ આપ્યું છે. લાલુ યાદવના વિશ્વાસુ અને રાબડી દેવીના મોં બોલ્યા ભાઈ ગણાતા સુનીલ સિંહ સાથે તેજ પ્રતાપને લાંબા સમયથી અણબનાવ છે. તેજ પ્રતાપનો આરોપ છે કે સુનીલ સિંહ પોતાની વગનો ઉપયોગ કરીને તેમનું રાજકીય કદ નાનું કરી રહ્યા છે. તેજ પ્રતાપના આ આકરા પ્રહારથી બિહારના રાજકારણમાં અને યાદવ પરિવારમાં નવા વિવાદના મંડાણ થયા છે.તેજ પ્રતાપ યાદવે આ નેતાઓને 'જયચંદ' કહીને સંબોધ્યા છે, જે ભારતીય સમાજમાં વિશ્વાસઘાત અને ગદ્દારીનું સૌથી મોટું પ્રતીક માનવામાં આવે છે. જોકે, ઈતિહાસના પાનાઓમાં રાજા જયચંદને એક વીર યોદ્ધા તરીકે પણ ઓળખવામાં આવે છે, જેમણે ૧૧૯૪માં ચંદાવરના યુદ્ધમાં મોહમ્મદ ઘોરીનો સામનો કર્યો હતો. બીજી તરફ, તેમને પૃથ્વીરાજ ચૌહાણને દગો આપનાર તરીકે પણ દર્શાવવામાં આવે છે. તેજ પ્રતાપે આટલા કઠોર શબ્દોનો પ્રયોગ એટલે કર્યો છે જેથી તેઓ કાર્યકરોને સમજાવી શકે કે આ પાંચેય નેતાઓ પાર્ટીની અંદર 'વિભીષણ' અને 'જયચંદ' જેવી ભૂમિકા ભજવી રહ્યા છે.


### લગાવ્યા ગંભીર આરોપ

# લોકસભા સ્પીકર ઓમ બિરલા વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે છે વિપક્ષ

**વિપક્ષી પક્ષોનો આરોપ છે કે અધ્યક્ષ ગૃહમાં પક્ષપાતી છે**

નવી દિલ્હી, તા.૯

વિપક્ષ લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યો છે. વિપક્ષી પક્ષોનો આરોપ છે કે અધ્યક્ષ ગૃહમાં પક્ષપાતી છે. આ આરોપ એવા સમયે લગાવવામાં આવ્યો છે જ્યારે વિપક્ષ આરોપ લગાવી રહ્યું છે કે રાહુલ ગાંધીને સંસદમાં બોલવા દેવામાં આવી રહ્યા નથી. છેલ્લા ઘણા દિવસોથી સંસદમાં આ મુદ્દા પર હોબાળો થઈ રહ્યો છે. લોકસભા અધ્યક્ષ સામે વિપક્ષના વધતા ગુસ્સાનું બીજું કારણ તેમણે આપેલું એક નિવેદન છે, જેના પર મોટો વિવાદ થઈ રહ્યો છે. લોકસભામાં આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન બોલતા રાહુલ ગાંધીએ ભૂતપૂર્વ સેના પ્રમુખ એમ.એમ. નરવણેના અપ્રકાશિત સંસ્મરણોનો ઉલ્લેખ કરીને ચીન સાથેના સંઘર્ષ અંગે ગંભીર આરોપ લગાવ્યા હતા, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચીની ટેક્ક ડોકલામમાં ઘૂસી ગઈ છે. જોકે, સરકારે આ આરોપોને ફગાવી દીધા હતા.



ત્યારબાદ, અધ્યક્ષે રાહુલ ગાંધીને બોલતા અટકાવ્યા હતા, જેના કારણે હોબાળો થયો હતો.રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે તેમને લોકસભામાં બોલતા અટકાવવા એ પરંપરાનું ઉલ્લંઘન છે અને રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ પર બોલતા અટકાવવામાં આવી રહ્યા હોવાનો ગંભીર ભય પણ વ્યક્ત કર્યો.વિપક્ષી સાંસદોએ આ મુદ્દા પર ભારે હોબાળો મચાવ્યો, હોબાળા દરમિયાન સ્પીકરના પોડિયમ તરફ કાગળો ફેંક્યા, જેના પગલે ગૃહના અનાદરના આરોપસર આઠ વિપક્ષી સાંસદોને સમગ્ર સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ ગયા ગુરુવારે એક ચોંકાવનારો ખુલાસો કરતા જણાવ્યું કે તેમણે કાલે (બુધવારે) પ્રધાનમંત્રી મોદીને ગૃહમાં આવતા અટકાવ્યા હતા. બિરલાએ ડર વ્યક્ત કર્યો હતો કે જો પ્રધાનમંત્રી ગૃહમાં પ્રવેશ્યા હોત તો તેમની સાથે કંઈક અઘટિત ઘટના ઘટી હોત.પ્રધાનમંત્રી મોદી બુધવારે લોકસભામાં આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપવાના હતા, પરંતુ છેલ્લી ઘડીએ તેમનું ભાષણ બંધ રાખવામાં આવ્યું. બીજા દિવસે, સ્પીકર ઓમ બિરલાએ કહ્યું, "મને માહિતી મળી હતી કે કોંગ્રેસના સાંસદો પ્રધાનમંત્રીના પોડિયમ પર જઈને અણધારી ઘટના સર્જી શકે છે. મને ડર હતો કે પ્રધાનમંત્રી સાથે કંઈક થઈ શકે છે." જો તે ઘટના બની હોત, તો તે અત્યંત અપ્રિય હોત અને લોકશાહી માટે કાળો દિવસ સાબિત થયો હોત.' આ નિવેદનથી ઘણો વિવાદ થયો અને વિપક્ષી સાંસદો દ્વારા તેની આકરી ટીકા કરવામાં આવી.

### કંપનીના ફાઇનલ રિપોર્ટ માટે માગી હતી લાંચ

# ૫ હજારની લાંચ લેતા વર્ગ-૨નો અધિકારી ઝડપાયો

**આ સરકારી કામગીરી પૂર્ણ કરવાના બદલામાં ઝસ્જી અધિકારી ધર્મેન્દ્ર યાદવે ફરિયાદી પાસે લાંચની માંગણી કરી હતી**

રાજકોટ,તા.૯

ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) દ્વારા રાજ્યમાં લાંચિયા અધિકારીઓ સામે ઝુંબેશ તેજ કરવામાં આવી છે. ત્યારે રાજકોટમાં વધુ એક લાંચિયો અધિકારી એસીબીની જાળમાં ફસાયો છે. રાજકોટ સેન્ટ્રલ જીએસટી (CGST) કચેરીના વર્ગ-૨ ના અધિકારી ધર્મેન્દ્ર યાદવને ૫,૦૦૦ રૂપિયાની લાંચ લેતા રંગે હાથે ઝડપી લેવામાં આવ્યા છે. ફરિયાદીની કંપનીના એક પ્રોજેક્ટનો ફાઈનલ રિપોર્ટ તૈયાર કરવાનો હતો.આ સરકારી કામગીરી પૂર્ણ કરવાના બદલામાં CGST અધિકારી ધર્મેન્દ્ર યાદવે ફરિયાદી પાસે લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા ન માંગતા હોવાથી એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે એસીબીની ટીમે રાજકોટમાં છટકું ગોઠવ્યું હતું. જેવું અધિકારી ધર્મેન્દ્ર યાદવે ફરિયાદી પાસેથી રૂ. ૫,૦૦૦ ની રકમ સ્વીકારી, કે તરત જ પૂર્વ આયોજિત પ્લાન મુજબ એસીબીએ ત્રાટકીને તેમને રંગે હાથે ઝડપી લીધા હતા.

આ કાર્યવાહીથી રાજકોટના સરકારી વિભાગોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. એસીબીએ લાંચની રકમ રિકવર કરી અધિકારી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. હાલમાં અધિકારીની અટકાયત કરી તેમની મિલકતો અને અન્ય દસ્તાવેજોની પણ તપાસ કરવામાં આવે તેવી શક્યતા છે.

### જંગલમાં પણ મળશે હાઈ-સ્પીડ ઈન્ટરનેટ

# એલોન મસ્કની Starlink સાથે રાજ્ય સરકારના કરાર

**નર્મદા-દાહોદ જેવા આદિવાસી વિસ્તારોમાં કનેક્ટિવિટીની ક્રાંતિ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને શિક્ષણ સુધરશે**

ગાંધીનગર, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત ૨૦૪૭ અને ડિજિટલ ઈન્ડિયાના મહત્વકાંક્ષી સ્વપ્નને સાકાર કરવા ગુજરાત સરકારે એક ઐતિહાસિક અને આધુનિક કદમ ઉઠાવ્યું છે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્કની કંપની હવે ગુજરાતના ગામડાઓ અને અંતરિયાળ વિસ્તારોને ડિજિટલ દુનિયા સાથે જોડશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે એલોન મસ્કની સ્પેસએક્સની પેટાકંપની સ્ટારલિંક સાથે પરસ્પર સહયોગ માટેના કરાર કર્યા છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં લેટર ઓફ ઈન્ટેન્ટ (LoI) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પહેલ રાજ્યના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં એક મોટો માઈલસ્ટોન સાબિત થશે. આ મહત્વપૂર્ણ સહયોગનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યના એવા દુર્ગમ વિસ્તારોમાં હાઈ-સ્પીડ કનેક્ટિવિટી પહોંચાડવાનો છે જ્યાં મોબાઈલ ટાવર નેટવર્ક ઓછું છે અથવા નથી.સ્ટારલિંક પોતાની અદ્યતન સેટેલાઈટ ટેક્નોલોજી દ્વારા છેવાડાના માનવી સુધી ઈન્ટરનેટ પહોંચાડશે. સરકારના આયોજન મુજબ, શરૂઆતમાં નર્મદા અને દાહોદ જેવા એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ અને આદિવાસી વિસ્તારો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ પાયલોટ પ્રોજેક્ટ સફળ થયા બાદ તેને અન્ય વિસ્તારોમાં વિસ્તારવામાં આવશે.સરકાર અને સ્ટારલિંક વચ્ચેના આ ગઠબંધનથી શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ક્રાંતિ આવશે. અંતરિયાળ ગામોની સરકારી શાળાઓને સ્માર્ટ કનેક્ટિવિટી થી જોડવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓ આધુનિક શિક્ષણ મેળવી શકે. તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને હાઈ-સ્પીડ નેટવર્કથી જોડીને ટેલિ-મેડિસિન સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે.

સુરક્ષાની દ્રષ્ટિએ પણ આ કરાર મહત્વનો છે. પોલીસ આઉટપોસ્ટ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલ રૂમ અને વન્યજીવ અભયારણ્યોમાં રિયલ ટાઈમ ડેટા માટે મજબૂત નેટવર્ક ઉભું કરાશે. ઈ-ગવર્નન્સના માધ્યમથી કોમન સર્વિસ સેન્ટર દ્વારા સરકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકોને ઝડપથી મળશે. ગુજરાતના જીઆઈડીસી પાર્ક્સ અને મેરિટાઈમ સેક્ટરમાં પણ કનેક્ટિવિટી વધુ સુદ્રઢ બનશે.ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૫માં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ સ્પેસએક્સના વાઈસ પ્રેસિડેન્ટ લોરેન ડ્રેયર સાથે બેઠક યોજી હતી. આ LoI તે બેઠકની જ ફલશ્રુતિ છે. આ પ્રોજેક્ટના અમલીકરણ અને દેખરેખ માટે સરકાર અને સ્ટારલિંકના પ્રતિનિધિઓનું એક જોઈન્ટ વર્કિંગ ગ્રુપ બનાવવામાં આવશે.આ ઐતિહાસિક કાર્યક્રમમાં સ્ટારલિંક ઈન્ડિયાના હેડ પ્રભાકર જયકુમાર અને ગુજરાત સરકાર વતી ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપે દસ્તાવેજોની આપ-લે કરી હતી. આ પ્રસંગે મુખ્ય સચિવ એમ.કે. દાસ સહિતના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. સરકારના આ પગલાથી ગુજરાત ડિજિટલ ક્રાંતિમાં દેશનું નેતૃત્વ કરશે તે નક્કી છે.

# વટવામાં ગેરકાયદે સ્મોકિંગ કોન અને રોલિંગ પેપરનું ગોડાઉન ઝડપાયું

અમદાવાદ, તા.૯

અમદાવાદ શહેરના ઔદ્યોગિક વિસ્તારમાં ચાલતા ગેરકાયદે વેપાર પર લગામ કસવા માટે અમદાવાદ શહેર પોલીસની વટવા સર્વેલન્સ સ્કવોડે એક મોટી કાર્યવાહી કરી છે. પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને રૂ.૧૦ લાખની અંદાજિત કિંમતના ૧.૩૦ લાખથી વધુ સ્મોકિંગ કોન્સ અને રોલિંગ પેપરનો જથ્થો જપ્ત કર્યો છે.બાતમીના આધારે દરોડો વટવા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ જ્યારે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેમને ચોક્કસ બાતમી મળી હતી કે વટવા સ્થિત 'રઘુવીર પ્લેટિનમ એસ્ટેટ'ના બ્લોક" ના શેડ નંબર ૩ માં ગેરકાયદેસર રીતે સ્મોકિંગ મટીરિયલનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડતા ત્યાંથી વિવિધ બ્રાન્ડના રોલિંગ પેપર્સ અને સ્મોકિંગ કોન્સનો મોટો સ્ટોક મળી આવ્યો હતો. કુલ રૂ.૯.૯૨ લાખનો મુદ્દામાલ જપ્ત પોલીસ તપાસ દરમિયાન કુલ ૧,૩૦,૮૨૦ નંગ સ્મોકિંગ કોન્સ અને રોલિંગ સ્ટ્રીપ્સ મળી આવી હતી. બજારમાં આ જથ્થાની અંદાજિત કિંમત રૂ.૯,૯૨,૦૦૦ આંકવામાં આવી છે. સરકારી જાહેરનામાના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમો હેઠળ આ મામલે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.આરોપીની ધરપકડ આ કેસમાં પોલીસે અતુલ ચૌહાણ નામના વેપારીની ધરપકડ કરી છે, જે અમદાવાદના મણિનગર વિસ્તારનો રહેવાસી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે તે આ જથ્થાના ગેરકાયદે સંગ્રહ અને વેપારમાં સંડોવાયેલો હતો.તપાસ ચાલુ વટવા પોલીસે હાલમાં આ માલ ક્યાંથી લાવવામાં આવ્યો હતો, આ આખી સપ્લાય ચેઈન કેવી રીતે કામ કરતી હતી અને આમાં અન્ય કોઈ લોકો સામેલ છે કે નહીં તે દિશામાં તપાસ તેજ કરી છે. આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે તેવું પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે.

### પ્રમુખપદની ખુશી પળવાર પણ ન ટકી!

# ભાજપે ભાવનગર સંગઠનની યાદી જાહેર કર્યા બાદ ભાવેશ રબારીને આવ્યો હાર્ટ એટેક

**શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખનું નિધન થયું**

ભાવનગર, તા.૯

રવિવારે મોડી સાંજે ભાવનગરમાં ભાજપના નવા સંગઠનની યાદી જાહેર કરાઈ હતી. આ જાહેરાતની થોડી જ કલાકોમાં દુખદ સમાચાર આવ્યા હતા, અને ભાજપને શહેર પ્રમુખનું નામ બદલવું પડ્યું હતું. નવા સંગઠનમાં બક્ષીપંચ મોરચાનું પ્રમુખપદ ભાવેશ રબારીને સોંપાયું હતું, પરંતુ આ જાહેરાતની થોડી ક્ષણોમાં જ તેમનું હાર્ટ એટેકથી નિધન થયું હતું. ત્યારે ભાવનગર ભાજપમાં ગમગીન માહોલ છવાઈ ગયો હતો. ભાવનગર શહેર ભાજપ સંગઠનના નવા હોદ્દેદારોની યાદીની જાહેરાત થઈ. ભાજપ શહેર પ્રમુખ કુમાર શાહે રવિવારે મોડી સાંજે યાદી જાહેર કરી હતી. જેમાં ઉપપ્રમુખ, મહામંત્રી, યુવા, મહિલા મોરચાઓના પ્રમુખ-મહામંત્રીઓની નિમણૂંક રાઈ હતી. ભાવનગર શહેર ભાજપના નવા સંગઠન અંગે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી હતી. પ્રદેશ ભાજપ દ્વારા ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં નવા સંગઠન માટે અગાવ ટીમોની રચના કરવામાં આવી હતી. પરંતુ ભાવનગર શહેર માટે કોઈ નિર્ણય ન લેવાતા કાર્યકરો અને પક્ષના સહયોગીઓમાં ભારે કચવાટ ફેલાયો હતો.જે ઉત્સુકતાનો અંત આવતા શહેર ભાજપ પ્રમુખ કુમાર શાહે મોડી સાંજે નવા હોદ્દેદારોની નિમણૂંક યાદી જાહેર કરી હતી. જેમાં ભાજપના મુખ્ય હોદ્દેદારોમાં ૮ ઉપપ્રમુખ, ૩ મહામંત્રી, ૮ મંત્રી સામેલ છે. આ ઉપરાંત યુવા મોરચા અને મહિલા મોરચાના પ્રમુખ-મહામંત્રી, કિસાન મોરચા, બક્ષીપંચ (ઓબીસી) મોરચા, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ મોરચા, લઘુમતી મોરચા સહિતના પ્રમુખ-મહામંત્રીઓની યાદી જાહેર કરાઈ છે.

ત્યારે આ જાહેરાત ભાજપ માટે દુખદ બની રહી હતી. મોડી સાંજે નવા હોદ્દેદારોની યાદી જાહેર કરાઈ હતી. જેમાં બક્ષીપંચના મોરચાના પ્રમુખ તરીકે ભાવેશ રબારી નિમણું કરાઈ હતી. આ જાહેરાતની થોડી ક્ષણોમાં જ ભાવેશ રબારીનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું. સાંજે ૬.૩૦ કલાકે યાદી જાહેર થઈ હતી. તે દરમિયાન તેઓ કામથી બહાર ગયા હતા. ત્યાં અચાનક તેઓને છાતીમાં દુખાવો ઉપડયો હતો. જેથી સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયા હતા. તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આમ, ભાજપ પરિવારમાં દુખની લાગણી ફરી વળી હતી.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા ૨૨મો સર્વજ્ઞાતી સમૂહ લગ્નોત્સવ યોજાયો



ગુજરાત સરકાર દ્વારા સેવા તેમજ તબીબી શ્રેત્રનો જેમને વિશિષ્ટ એવોર્ડ પ્રદાન થયો છે તેવા પ.પૂજય સંત ડો.રતિદાદાના સાનિધ્યમાં ચાલતી સંસ્થા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટએ માનવ સેવાની અખંડ જયોત જગાવી છે. અખિલ વિ ગાયત્રી પરિવાર સ્થાપક પ. પૂજય. રામશર્મા આચાર્યજીના યુગ નિર્માણના સંકલ્પો સાકાર કરવાના પ્રયત્નો કરી રહેલ આ સંસ્થા દ્વારા વિવિધ સેવા શ્રેત્રે અસંખ્ય પ્રવૃત્તિઓ જીવંત રૂપે નીઃસ્વાર્થ ભાવનાથી ચાલી રહી છે. તાજેતરમાં સંસ્થા દ્વારા ચલાલા ખાતે બાવીસમાં સર્વજ્ઞાતીય સમૂહ લગ્નોત્સવ સફળ રીતે યોજાયા. જ્ઞાતિ જાતી કે ધર્મના ભેદભાવ વગર માનવસેવાના આ ભગીરથ કાર્યોની જુદી જુદી જ્ઞાતિના ૨૧ નવયુગલોએ લાભ લીધો હતો અને સમાજના સાચા જરૂરિયાતમંદો સુધી પહોચવાનો પ્રયત્ન ગાયત્રી પરીવાર દ્વારા થયો હતો. કાર્યક્રમના શુભારંભમાં પ.પૂજય. સંત ડો.રતિદાદાએ પરિવારના સભ્યો સાથે દીપપ્રાગટ્ય કરી હતી. ભારતભૂષણ મહેશભાઈ મહેતા દ્વારા સર્વે નવયુગલો તથા પધારેલ મહેમાનોને આવકાર્યા. આ કાર્યક્રમમાં કંપાલાથી ખાસ ઉપસ્થિત પરેશભાઈ મહેતા (રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા), રઘુવીરગીરી બાપુ અને પ્રયાગરાજથી પધારેલ સંતો થાણાપતિઓ, કરૂણાનીધાન બાપુ(વાકુનીધાર), ખોડીયાર મંદિર સુડાવડના મહંત હર્ષદબાપુ ભગત (મહંત ગઢિયા ગીર), મહીપતબાપુ, કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય જે.વી. કાકડિયા, અતુલભાઈ કાનાણી (જીલ્લા ભાજપ પ્રમુખ), સરપંચ ઉપેન્દ્રભાઈ, નગરપાલિકા પ્રમુખ જયરાજભાઈ, લાલજીભાઈ ખુંટ, ચલાલા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. ગઢવી સહીત સ્ટાફગણ, ભયલુભાઈ, પ્રકાશભાઈ કારીયા, મહેન્દ્રભાઈ સાદરાણી, દીલુભાઈ, ચમ્પુભાઈ, મનસુખદાદા, ખોડાદાદા, અનિભાઈ, વિજયભાઈ, ડો.દેવકુભાઈ વાળા અશોકભાઈ તલાટિયા, પરેશભાઈ કાથરોટિયા, અવિભાઈ માલા, સીધુભાઈ ભગત વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પૂજય દાદાએ પોતાની દીકરીઓને માની અશ્રુભીની આંખે, ભાવુક શબ્દોમાં ઉતમ લગ્નજીવન માટેના આશીર્વાદ આપ્યા હતા. આજ દિન સુધી પૂજય દાદાના હસ્તે ૧૮૨૬ દીકરીઓના હાથપીળા કરવાનું ભગીરથ કાર્ય થયું છે. આ સમૂહ લગ્નોત્સવમાં દરેક કન્યાને ૧૩૦ કરતા વધુ વસ્તુ કરિયાવર રૂપે ભેટ આપવામાં આવી હતી. આ લગ્નોત્સવની સાથે શાંતાબેન ગજેરા હોસ્પિટલ દ્વારા મહા રકતદાન શિબિરનું પણ આયોજન કર્યુ હતું. જેનો અસંખ્ય રકત દાતાઓએ લાભ લીધો હતો. સંસ્થાના ડાયરેક્ટર શીતલબેન મહેતાએ રકતદાન કરી લોકોને રકત આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમના પધારેલ દરેક મહેમાનો માટે ચા – પાણી, સુંદર ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિની આદર્શ સપ્તપદીની શાસ્ત્રોકત લગ્ન વિધિથી વાતાવરણ દેવીમય બની ગયું હતું. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન ભારતભૂષણ મહેશભાઈ મહેતા, શીતલબેન મહેતા એ કર્યુ હતું. તેમજ ગાયત્રી એજયુકેશન ગ્રુપના સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી. ચલાલા પોલીસ સ્ટેશન સ્ટાફ દ્વારા પુરતો બંદોબસ્ત ગોઠવી આપવામાં આવ્યો હતો.

### જય અલખધણી અને ગોપી મહિલા મંડળ દ્વારા

## સાવરકુંડલામાં માનવતાનો મહાકુંભ ૫૧ દીકરીઓએ પ્રભુતામાં પગલા માંડયા

### સેવા, ભકિતનો રચાયો ત્રિવેણી સંગમ

ચલાલા, તા.૯

સાવરકુંડલાની પવિત્ર ધરા પર ગઈકાલે સેવા, સમર્પણ, અને સામાજિક સમરસતાનો એક અનોખો નજારો જોવા મળ્યો હતો. શહેરના તાત્કાલિક હનુમાન રોડ કેવડાપરા વિસ્તારમાં 'જય અલખધણી અને ગોપી મહિલા મંડળ' દ્વારા આયોજિત ૫૧ સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ અત્યંત ભવ્યતા અને દિવ્યતા સાથે સંપન્ન થયો હતો. આ મંગલ પ્રસંગ નાના ઝીંઝુડાના શ્રી મોમાઈ માતાજી મંદિરના મહંત મસાપીર બાપુની દિવ્ય પ્રેરણા અને સીધા માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.



આ સમૂહ લગ્નોત્સવમાં ૫૧ નવદંપતીઓએ વૈદિક મંત્રોચ્ચાર સાથે ગૃહસ્થ જીવનમાં પ્રવેશ કર્યો હતો. લગ્ન વિધિના મુખ્ય આચાર્ય તરીકે વિજયભાઈ જાની (ગોલ્ડન દાદા)એ પોતાની આગવી શૈલીમાં શાસ્ત્રોક્ત વિધિ – વિધાન દ્વારા લગ્ન સંપન્ન કરાવ્યા હતા. મસાપીર બાપુના આશીર્વાદથી દરેક દીકરીને નવો સંસાર વસાવવા માટે પલંગ, કબાટ, વાસણો અને અન્ય જરૂરી ઘરવખરી સહિતનો તમામ નાની – મોટી ચીજવસ્તુઓનો ભવ્ય કરિયાવર આપવામાં આવ્યો હતો, જેનાથી જરૂરિયાતમંદ પરિવારોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

આ મહોત્સવમાં સાવરકુંડલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી ૨૦ હજારથી વધુ મહેમાનોએ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા. ભોજન સમારંભના મુખ્ય દાતા તરીકે પૂજય મસાપીર બાપુએ ઉદાર હાથે સહયોગ આપ્યો હતો. લગ્નની સાથે સામાજિક જવાબદારીના ભાગરૂપે એક રક્તદાન કેમ્પનું પણ આયોજન કરાયું હતું, જેમાં યુવાનોએ ઉત્સાહપૂર્વક લોહીનું દાન કરી 'સેવા પરમો ધર્મ'ના સૂત્રને સાર્થક કર્યુ હતું.

આ અવસરે વિવિધ ધાર્મિક સ્થાનોના સંતો – મહંતો તેમજ રાજકીય અને સામાજિક અગ્રણીઓએ ખાસ હાજરી આપી હતી. તમામ મહાનુભાવોએ નવદંપતીઓને અક્ષતથી વધાવી સુખી દામ્પત્ય જીવનના આશીર્વાદ પાઠવ્યા હતા. બપોરે જયારે દીકરીઓની વિદાય વેળા આવી ત્યારે સમગ્ર વાતાવરણ ભાવુક બની ગયું હતું.

આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે 'જય અલખધણી અને ગોપી મહિલા મંડળ' તથા સમૂહ લગ્ન સમિતિના સ્વયંસેવકોએ દિવસ – રાત જોયા વગર જહેમત ઉઠાવી હતી. આયોજક સમિતિએ જણાવ્યું હતું કે, ' સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ પરિવારોની દીકરીઓના લગ્ન પ્રસંગે સહભાગી થવું એ જ સાચી ઈશ્વર સેવા છે.'આ મહોત્સવ ભક્તિમય માહોલને કારણે સમગ્ર સાવરકુંડલા પંથકમાં આ ઐતિહાસિક આયોજનની ચોમેર પ્રશંસા થઈ રહી છે.

### શહેર કોંગ્રેસ પ્રમુખ સંદિપ ધાનાણીએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવ્યો

## અમરેલી વિધાનસભા વિસ્તારમાં SIRની કામગીરી અંતર્ગત ભરાયેલ ફોર્મ નં.૭ કસ્ટડીમાં લઈ લેવા માંગ

### ફોર્મ નં. ૭ ભરવામાં વ્યાપક પ્રમાણમાં ગોલમાલ હોય તપાસ જરૂરી

અમરેલી, તા.૯

અમરેલી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ સંદિપ ધાનાણીએ જિલ્લ કલેકટરને પત્ર પાઠવીને ફોર્મ નં. ૭ કસ્ટડીમાં લેવા માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ભારત ચુંટણી પંચના આદેશ અનુસાર રાજય ચુંટણી પંચ દ્વાર મતદાન સુધારણા કામગીરી અર્થે થતી કામગીરીમાં ઉમર લાયક નવા મતદારોના નામ – દાખલ કરવા, હૈયાત મતદાર યાદી મુજબ મતદારોનાં નામ સુધારણા, સરનામા સુધારણા તથ અન્ય વિગતે ફોર્મ નં.૬,૭,૮ ની વિગતની તમામ પ્રકારની કામગીરી સબબ કામ આવતા અગવાઈમાં આપના તમામ કર્મચારી બી.એલ.ઓ. મારફત કામગીરી થઈ રહેલ છે.

વધુમાં જણાવવામાં આવેલ છે કે, અમરેલી વિધાનસભા મત વિસ્તાર અમરેલી સંસદીય તમામ વિધાનસભા વિસ્તારની કામગીરી રહેલ છે. તે વિગતે મળેલ માહિતી મુજબ અલગ અલગ વિસ્તાર મુજબ ફોર્મ નં.૭ ની વિગતવાર તમામ ફોર્મની કામગીરી સમય દરમ્યાન રજુ થયેલ છે. તે તમામ ફોર્મમાં અમુક વ્યકિતઓ દ્વારા રજુ થયેલ તમામ ફોર્મમાં મોટા ભગના ફોર્મમં ખોટી વિગતો ઉભી કરી ખોટા ઈકરારનામા કે ખોટા સોગંદનામા કરીને ફોર્મ નમુના નં. ૭



નિયત નમૂના ઉપર ખોટી વિગતથી ખોટા ડોકયુમેન્ટ ઉભા કરવાના પ્રયત્ન કરતા હોય તેવી માહિતી મુજબ આવી થયેલ કામગીરીમાં વાંધા રજુઆત કે અમુક આવારા તત્વો દ્વારા કરેલ ગંભીર પ્રકારના કૃત્યો, આચરવા બદલ કે પોતાના મલીન ઈરાદા બર લાવવા કરેલ કૃત્ય બદલ આવા તત્વોને કાયમી નશ્યત મળે અને લોકશાહી દેશમાં રહેતા વ્યકિતઓ, સમાજમાં એક મેક થઈ તેવા સારા ઉમદા હેતુથી કાર્યવાહી કરવાના સ્વરૂપે અમરેલી સીટી પોલીસ સ્ટેશનન અધિકરી સમક્ષ અરજ અહેવાલ કરી લેખીત સ્વરૂપે ફરીયાદ રજુ કરેલ હોય તે ફરિયાદના કામે કચેરીમાં રજુ થયેલ ફોર્મ નં.૭ ન તમામ અસલ ફોર્મ કસ્ટડીમાં લઈ, સ્ટ્રોંગ રૂમમાં રાખવાની વ્યવસ્થા કરી કરાવી આવા તમામ ફોર્મ અંદાજે સંખ્યા – ૧૦ થી ૧૨ હજાર ફોર્મ સીલ મારવાની કાર્યવાહીમાં રાજકીય પક્ષના સક્ષમ પદાધિકરીને હાજર રાખી પંચરોજકામ કરાવી આવા તમામ પ્રકારન ફોર્મ નં.૭ ને કાયમી પુરાવા તરીકે એટલે કે અમોની અરજ અહેવાલ, ફરીયાદનું જયા સુધી નિરાકરણ ન થાય ત્યાં સુધી સલામત રીતે રાખી આવા ફોર્મ નં.૭ ના તમામ પુરાવા નાશ ન થાય તે રીતે સ્ટ્રોંગ રૂમમાં રાખવા અમારી હાલની આ અરજ છે.તેમ અંતમાં જણાવેલ છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે
આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં
ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

### શ્રીધર અતુલકુમાર જાની આયુર્વેદિક કોલેજ અને હોસ્પિટલમાં

## અમરેલી ખાતે આજથી તા. ૧૦ થી ૧૩ ફેબ્રુઆરી નિઃશૂલ્ક નિદાન અને સારવાર કેમ્પ યોજાશે

### વિવિધ રોગોનું નિદાન અને સારવાર કરાશે

અમરેલી, તા.૯

અમરેલી ખાતે બાલાજી હનુમાન મંદિરની બાજુમાં, ધારી રોડ ખાતે આવેલ શ્રીધર અતુલકુમાર જાની આયુર્વેદિક કોલેજ અને હોસ્પિટલ ખાતે આવતીકાલ ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી સુધી નિઃશૂલ્ક નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.આ કેમ્પમાં નિઃશૂલ્ક દવા વિતરણ, વિનામૂલ્યે ઈન્ડોર સારવાર, જમવાની સુવિધા અપાશે. હોસ્પિટલનાં આયુર્વેદિક નિષ્ણાંત ડોકટરો ધ્વારા નિદાન અને સારવાર કરાશે. સંધીવાત, ઘુંટણનો દુઃખાવો, કમરનો દુઃખાવો, પક્ષઘાત, સ્નાયુનો દુઃખાવો, ખભાનો દુઃખાવો, મણકાનો દુઃખાવો, પેટના રોગો, જેવા કે સફેદ પાણી પડવું, લોહીવા સહિતનાં તમામ રોગોની સારવાર ડો. વાસુ મહેતા, ડો. અર્પિત વણકર, ડો. રીયા ભટ્ટ, ડો. પ્રશાંત નાગરે, ડો. પ્રિયંકા માને, ડો. સાગર સિદે, ડો. સુચીતા રાજભોશલે ધ્વારા કરવામાં આવશે. જરૂરીયાત મંદોને લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

# સાવરકુંડલામાં 'ગાંધી મેળો' યોજાયો : આત્મનિર્ભર ભારતની ઝલક સાથે ગાંધી મૂલ્યોનું જતન



સાવરકુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ ધ્વારા સ્થાનિક કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ખાતે 'ગાંધી મેળા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. "આત્મનિર્ભર ભારતની ઝલક" થીમ પર આધારિત આ કાર્યક્રમે મુલાકાતીઓને આધુનિક યુગમાં વિસરાતા જતા ગાંધીવાદી મૂલ્યો અને ગ્રામીણ સંસ્કૃતિની યાદ અપાવી હતી. મેળાનું મુખ્ય આકર્ષણ ગ્રામ્ય હસ્તકલા અને ખાદી ઉત્પાદનોના પ્રદર્શન સ્ટોલ્સ રહ્યા હતા. આજની ભૌતિકવાદી દુનિયામાં જયારે હસ્તકળા અને ખાદી જેવી પરંપરાઓ વિસરાઈ રહી છે, ત્યારે આ મેળાએ તેને પુનઃજીવિત કરવાનું કાર્ય કર્યુ છે. મહિલા સ્વસહાય જૂથો ધ્વારા તૈયાર કરાયેલી વિવિધ ચીજવસ્તુઓ અને સ્વરોજગાર યોજનાઓના માધ્યમથી રજૂ થયેલા ઉત્પાદનોએ સાબિત કર્યુ કે ગ્રામીણ કૌશલ્ય આજે પણ એટલું જ પ્રસ્તુત અને સમૃધ્ધ છે. મહાત્મા ગાંધીજીના 'સ્વદેશી' અને 'સ્વાવલંબન'ના સિધ્ધાતોને કેન્દ્રમાં રાખીને આ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન માત્ર વેચાણ માટેનું પ્લેટફોર્મ નહીં, પરંતુ ગ્રામ્ય વિકાસને વેગ આપતી એક વૈચારિક ચળવળ તરીકે ઉભરી આવ્યું છે. આયોજકોએ જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમો ધ્વારા સમાજમાં નવી પ્રેરણા અને સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે, જે ભારતને ખરા અર્થમાં આત્મનિર્ભર બનાવવા તરફ દોરી જાય છે. સ્થાનિક નાગરિકો અને પર્યાવરણ પ્રેમીઓએ આ પ્રદર્શનની મુલાકાત લઈ ગ્રામીણ કારીગરોની મહેનતને બિરદાવી હતી. આ કાર્યક્રમે સાવરકુંડલા પંથકમાં ગાંધી વિચારધારાને વહેતી રાખીને સામાજિક ચેતનાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડયું છે.

### બાતમીના આધારે વન વિભાગે તપાસ શરૂ કરતા

# લીલીયાના વાઘણીયા અને ભોરીંગડા વિસ્તારમાંથી દેશી બાવળનાં લાકડાનો જથ્થો ઝડપાયો

### નાના લીલીયા નજીકથી પસાર થતો ટ્રક ઝડપી લેવાયો

લીલીયા મોટા, તા. ૯

લીલીયા તાલુકાના વાઘણીયા ભોરીંગડા વિસ્તારમાં મોટા પ્રમાણમાં દેશી બાવળ, લીમડા અને દેશી કુળના વૃક્ષો કપાઈ રહ્યા હોવાની ધારી ગીર પૂર્વના વનતંત્રને બાતમી મળતા ડીસીએફ વિકાસ યાદવ તેમજ ઈન્ચાર્જ ડીસીએફ મનીષ પટેલ સૂચનાથી ઈન્ચાર્જ ફોરેસ્ટર રવિરાજભાઈ ખુમાણ, બીટ ગાર્ડ તીર્થરાજ સિંહ જાડેજાએ ગત મોડી રાત્રે વાઘણીયા માર્ગ પરથી પસાર થતા આઈસર નંબર જી.જે.–૧૪ એકસ– ૬૨૮૮ને રોકી તપાસ કરતા આઈસરમાં દેશી બાવળના લાકડાનો જથ્થો બિન કાયદેસર હોવાનું માલુમ પડતા આઈસર ચાલક પ્રકાશ ડવાર સામે




કાયદેસરની કાર્યવાહી કરી રૂપિયા ૫૦,૦૫૧નો દંડ આપ્યો હતો. દેશી બાવળ આ વિસ્તારમાં વાઈલ્ડ લાઈફ હેબિટેટ માટે મહત્વની ભુમિકા ભજવે છે. ત્યારે વન વિભાગના પગલાંથી વૃક્ષ છેદન કરનારાના પગ નીચે રેલો આવી ગયો છે. તેમ મનોજ જોષીની અખબારી યાદીમાં જણાવેલ.

### સાવકા પુત્ર જ આરોપી હોય પોલીસે ઝડપી લીધો

# મોટા મુંજીયાસરમાં પાલક પિતાની હત્યા કરનાર આરોપીનું રીકન્સ્ટ્રકશન કરવામાં આવ્યુ

### પોલીસે આરોપીને કોર્ટમાં રજુ કરી ૨ દિ'ના રીમાન્ડ મેળવ્યા

બગસરા, તા. ૯

બગસરાનાં મોટા મુંજીયાસર ગામે પાલક પિતાની ૩ દિવસ પહેલા હત્યા કરનાર સાવકા પુત્રને પોલીસે ઝડપી લઈ કોર્ટમાં રજુ કરીને ૨ દિ'ના રીમાન્ડ મેળવ્યા હતા. અને આરોપીની રીકન્સ્ટ્રકશન કરવામાં આવ્યું હતું. ચા બનાવવા જેવી સામાન્ય બાબતમાં પાલક પિતાની સાવકા પુત્રે કરી હતી હત્યા. મોટા મુંજીયાસર ગામે કિશોરભાઈ મનજીભાઈ પટોળીયાની



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

વાડીએ મંજુરી કામ કરતા રમણ તાલુકા કટારા (મુળ ગામ સુખપર) અને તેની પત્ની સીતા મજુરી કામ કરતા હતા તેમની સાથે સીતાના આગલા ઘરનો દીકરો પણ સાથે કામ કરતો હતો ગુરૂવાર રાત્રિના ૯:૩૦ કલાકની આસપાસ રમણ અને તેની પત્ની સીતા વચ્ચે કોઈ વાતને લઈને ઝઘડો ચાલતો હતો. અને બોલાચાલી થતી હતી જેથી આ મારકૂટ દરમિયાન સુરેશ મસાર વચ્ચે પડતા ઝઘડો વધુ તીવ્ર બન્યો હતો. સુરેશ મસાની બેન વચ્ચે પડતા તેને પણ હાથના ભાગમાં ઈજાઓ થયેલ છે અચાનક ઝઘડાએ મોટુ સ્વરૂપ ધારણ કરતા સુરેશ મચ્છારે લાકડાના ફટકા મારી અને સિમેન્ટનો ચૂલો માથામાં ફટકારી દેતા રમણનો ઘટનાસ્થળે મોત નિપજયું હતું. જયારે તેની પત્ની સીતાને પણ બીજાઓ પહોંચતા સીતાને સારવાર અર્થે અમરેલી સિવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. આરોપી સુરેશ મસારની માતાની તપાસ ચાલુ હોય તેના લીધે તેની સંડોવણી છે કે આ બાબતે વધુ તપાસ બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ ગીડા ચલાવી રહ્યા છે.

### જાગૃત નાગરિકે કરી માંગ

# બગસરા–ધોરાજી અને ધોરાજી ખાંભા રૂટની બસ શરૂ કરો

### મુખ્ય પરિવહન અધિકારીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૯

ખાંભાનાં જાગૃત નાગરિક નૈનિતસિંહ રાઠોડે એસ.ટી.નાં મુખ્ય પરિવહન અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બગસરાડેપોનીબગસરા–ધોરાજીતેમજ ધોરાજી–ખાંભા નાઈટની બસ અવારનવાર બંધ કરી દેવામાં આવે છે. તે બસ તેમજ બગસરા ડેપોની મહુવા–બગસરાતેમજબગસરા–બગદાણાતેમજ અમરેલી ડિવીઝનની ખાંભા રૂટ ઉપર નીકળતીબસોશરૂ કરવાની માંગ કરીછે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં જાણીતા એડવોકેટ બકુલ પંડયાએ**

પહોંચ્યા ત્યારે મોટી સંખ્યામાં વકીલ મિત્રોઅનેશુભેચ્છકોતેમનીસાથેજોડયા હતાજેતેમનુંમજબુતસમર્થનદર્શાવેછે.

તેઓએ જણાવ્યું હતું કે, વકીલોના પ્રશ્નો માટે મજબૂત અને પારદર્શક પ્રતિનિધિત્વ આપવા હું પ્રતિબધ્ધ છું. વકીલ સમુદાયના ઉત્કર્ષ માટેસતત કાર્યરત રહેવુંએજ મારો મુખ્ય ધ્યેય છે. આગામી ૬ માર્ચે યોજાનારી આ ચૂંટણીમાં બકુલભાઈની ઉમેદવારીથી રસાકસી વધવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે ૧૨ તારીખે જાહેર થનારી ફાઈનલ યાદી બાદ પ્રચાર જંગ કેવો વળાંક લે છે.

### સતત અકસ્માતનાં ભયથી સ્પીડ બ્રેકરની માંગ ઉભી થઈ હતી

# અંતે સાવરકુંડલા–નેસડી માર્ગ ઉપર એક ડઝન સ્પીડ બ્રેકર મુકાતાં સ્થાનિકોમાં રાહતની લાગણી

### સ્પીડ બ્રેકર ઉપર સફેદ પટ્ટા લગાવવા માંગ ઉભી થઈ





સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા શહેરમાં પ્રવેશતા મુખ્ય માર્ગ એવા નેસડી રોડ પર વધતા જતા અકસ્માતોને રોકવા માટે તંત્ર દ્વારા લેવાયેલું પગલું આવકારદાયક સાબિત થયું છે. ન્યારા પેટ્રોલ પંપથી શહેરના ખોડીયાર પાન સુધીના માર્ગ પર કુલ ૧૨ જેટલા સ્પીડ બ્રેકર (બમ્પ) મૂકવામાં આવતા સ્થાનિક રહીશો અને વાહનચાલકોની સુરક્ષામાં વધારો થયો છે.

આ રોડ માત્ર શહેરનો પ્રવેશમાર્ગ નથી, પરંતુ અહીં અનેક રહેણાંક સોસાયટીઓ, શાળાઓ અને હીરાના કારખાનાઓ આવેલા છે. ગોકુલનગર વિસ્તારમાંથી પસાર થતો આ રસ્તો અમરેલી તરફ જતો હોવાથી અહીં ભારે વાહનોની પણ સતત અવરજવર રહે છે. રસ્તો નવો અને સારો હોવાને કારણે વાહનચાલકો બેફામ ગતિએ વાહનો હંકારતા હતા, જેને કારણે રાહદારીઓ અને શ્રમિકોના જીવ જોખમમાં મુકાતા હતા.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, થોડા સમય પહેલા જ આ વિસ્તારના જયસુખભાઈ નામના વ્યકિત ગંભીર અકસ્માતનો શિકાર બન્યા હતા, જેમાં તેમને પગમાં ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી. આવા અનેક નાના–મોટા અકસ્માતો આ રોડ પર રોજિંદી ઘટના બની ગયા હતા, જેના પગલે ગતિ નિયંત્રણ માટે બમ્પની જરૂરિયાત અનિવાર્ય બની હતી.

બમ્પ બનવાને કારણે હીરાના કારીગરો, કારખાનેદારો અને સ્થાનિક રહીશોએ રાહતનો દમ લીધો છે અને તંત્રની આ કામગીરીને બિરદાવી આભાર વ્યકત કર્યો છે. જોકે, નાગરિકોની હવે એવી પણ માંગ છે કે રાત્રિના સમયે ચાલકોને બમ્પ દેખાય તે માટે તેના પર સફેદ પટ્ટા અથવા રેડિયમ પટ્ટા લગાવવામાં આવે. બમ્પની સૂચના આપતા બોર્ડ પણ યોગ્ય અંતરે મૂકવામાં આવે જેથી ચાલકોને અકસ્માત ન નડે. આ વ્યવસ્થા થવાથી વાહનોની ગતિ મર્યાદિત રહેશે અને ભવિષ્યમાં થનારા જીવલેણ અકસ્માતોને નિવારી શકાશે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરામાં અવારનવાર વીજકાપથી**

કાન કરી અને લોકોની ફરિયાદ સાંભળતા ન હોય. જેથી આવી ભયંકર મુશ્કેલીનો સામનો બગસરાની જનતાને કરવો પડે છે. ત્યારે ગુરૂવારે, શુક્રવારે, શનિવારે, રવિવારે અઠવાડિયામાં ગમે એ વારે લાઈટ કાપ કરી અને બગસરાની જનતાને ખોટી રીતે હેરાનગતિ કરતા હોવાની ચર્ચાએ પણ જોર પકડયું છે. હાલમાં જ નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણી નજીક હોય ત્યારે બગસરા તાલુકાની જનતાને લાઈટને લઈને હેરાનગતિ બંધ નહીં થાય તો લોકોમાં નારાજગી જોવા મળી છે. ચૂંટણીઓમાં પણ ભાજપ સરકારને ગંભીર પરિણામ આવે તેવી શકયતાઓ છે. ત્યારે પીજીવીસીએલમાં બે વર્ષ પહેલા ડેપ્યુટી એન્જિનિયર વિરડીયા હતા ત્યારે બગસરામાં લાઈટનો કાપ એટલો બધો હતો નહીં છેલ્લા અઠવાડિયામાં લાઈટના હાલતા ઝટકા હોવા, લાઈટ કાપ કરવી જેથી વેપારીઓને લાઈટ કાપ થતા હાલ લગ્નની સીઝન હોય, રૂપિયા કમાવાનો સમય હોય, દરજીકામમાં, આરી ભરતકામ આ ઉપરાંત અનેક લાઈટને લગતા ધંધાને વસ્તુ અને કપડાઓ સીવીને ગ્રાહકોને આપવાના હોય ત્યારે પૂરતું કામ ન થવાથી ધંધા રોજગારમાં ભારે અસર જોવા મળી છે. બગસરામાં ધંધા રોજગાર માટે ઉદ્યોગ નથી ત્યારે લાઈટ ઉપર જીવતા નાના માણસો પોતાનું ગુજરાન ચલાવી પેટીયુ રળતા હોય સંસ્થાઓ દ્વારા પીજીવીસીએલના ડેપ્યુટી એન્જિનિયરને અનેકવાર સંસ્થા દ્વારા રજૂઆતો કરેલ છતાં કોઈપણ જાતનું પરિણામ આવેલ નથી. તાજેતરમાં જ કૌશિકભાઈ વેકરીયા (ઉર્જા મંત્રી) લાઈટ જવાના પ્રશ્નને કરો બાય બાય ૨૪×૭ વીજળી ચાલુ રહેશે ત્યારે બગસરા આગમનના આગલા દિવસે જ પીજીવીસીએલ દ્વારા ૮ કલાક લાઈટ કાપી મિનિસ્ટરને પડકાર ફેંકયો. આ બાબતે લાઈટ કાપ બંધ નહીં થાય તો ના છૂટકે ટૂંક સમયમાં જ ગાંધી ચિંધ્યા માર્ગે જવું પડશે જેથી લોકોને પડતી મુશ્કેલી દૂર થાય. ખેડૂતોમાં પણ લાઈટ કાપના લીધે ભારે નારાજગી જોવા મળી છે. આ બાબતને લઈને બગસરાના વેપારીઓ તથા સંસ્થાઓ દ્વારા ભારે નારાજગી જોવા મળી છે તેમ બગસરાના જાગૃત નાગરિકો તથા સંસ્થાઓ દ્વારા પ્રેસ મીડિયાને જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અંતિમ વિસામો ગણાતા**

કરીનેબેદિવસમાંજ આ રોડ ફાટી ગયેલ છે, મસમોટી તિરાડો પડી ગયેલ છે અને પોપડા પણ ઉખડી રહેલ છે.

આમ, નબળુ કામ, હલ્કી ગુણવત્તાનું મટીરીયલ, અધુરૂ મટીરીયલ તેમજ સીસી રોડ બનાવવા માટે બોક્ષ કર્ટીંગ, કપચી વગેરે બાબતોને અવગણીને રાતોરાત રોડ બનાવીને માત્ર પૈસા ઉભા કરી લેવાના હેતુથી લોકોને સુવિધા આપવાના બદલે ભ્રષ્ટાચાર કરી આવુ કૃત્ય કરેલ છે. તો અમારી માંગણી છે કે આ કામનું બીલ તાત્કાલીક ધોરણે અટકાવવામાં આવે અને જયાં સુધી ફરી વખત આ સીસી રોડ નિયમ મુજબ ન બનાવે ત્યાં સુધી ડીપોઝીટ પણ જપ્ત રાખશો. આમ છતાં આવા ભ્રષ્ટાચાર આચરતા કોન્ટ્રાકટર અને પાલિકાનાં અધિકારીઓની મિલીભગતથી આવા ભ્રષ્ટાચારી બીલ ચુકવવામાં આવશે તો અમોને ન્યાના હિતમાં કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે. તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **નાગરિકોને રખડુ શ્વાને બચકા ભર્યા**

જનતામાં નારાજગીનો માહોલ ઉભો થયો છે.

થોડા દિવસો પહેલા અમરેલીમાં એક જ દિવસમાં ૩૫ નાગરિકોનેરખડુ શ્વાને બચકા ભર્યાબાદ સતત રખખડુ શ્વાનનાં બચકા ભરવાનું પ્રમાણ વધી રહ્યું છે. પાલિકાનાં શાસકો ધ્વારા માત્ર રસીકરણની કામગીરી ગોકળ ગાય ગતિએ થઈ રહી છે. પરંતુ, રખડુ શ્વાનને સલામત સ્થળે ખસેડવાનું કોઈ આયોજન જ નથી.

તદુઉપરાંત, રખડતાં ગૌવશંને લીધે પણ નાના–મોટા અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે અને નાગરિકો રખડુ શ્વાનની જેમ જ રખડતા ગૌવંશથી પણ પરેશાની ભોગી રહ્યા છે. શહેરમાં રખડુ પશુઓને સલામત સ્થળે ખસેડવાની કામગીરી પણ ધીમી ગતિએ ચાલી રહી છે.

અમરેલી જિલ્લાનાં દરેક તાલુકા મથકોએ પશુ હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવે તો જનતા અને પશુઓ પણ સલામતી અનુભવશે અને તે માટેનું નકકર આયોજન નેતાગીરી વગર શકય નથી.


## :: ગાડી વેચાણ અંગેની જાહેરાત ::

શ્રી મર્કેન્ટાઈલ ક્રે.કો.ઓ.સો.લિ., બાબરા, મુ. બાબરા, જિ. અમરેલીની માલિકીની ટાટા ઈન્ડીગો ઈ. સી. એસ સન ૨૦૧૧ના મોડેલની ગાડી જે કન્ડીશનમાં છે જેમ છે તે જ સ્થિતિમાં ઠરાવ અનુસાર વેચાણથી આપી દેવાની છે જેની વેચાણની કિંમત રૂા. ૧,૦૧,૦૦૧/– નિયત કરેલ છે તો ગાડી ખરીદવા માટે રસ ધરાવતાઓને સંસ્થાના ઓફિસ સમય દરમ્યાન સ્થળ ઉપર ગાડી જોવા મળશે.

સંસ્થા દ્વારા ઉપરોકત કિંમત નિયત કરેલ છે, ત્યારબાદ સૌથી વધુ રકમની ઓફર મંજુર કરવામાં આવશે તેમજ આવેલ ઓફર મુજબ વેચાણ કરવા કે ન કરવા અંગેનો નિર્ણય સંસ્થાનો અબાધિત રહેશે.

**ઈ.મેનેજરશ્રી**
**મર્કેન્ટાઈલ ક્રે.કો.ઓ.સો.લિ., બાબરા**
**બોર્ડ ઓફ ડિરે.શ્રીની સુચના મુજબ**


## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૬૭/૨૦૨૫
તા.૦૭/૧૦/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) સોલંકી ધનીબેન છગનભાઈ
રહે. જેસર રોડ, સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** તલાટી કમ મંત્રીશ્રી મોટા ઝીંઝુડા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **સોલંકી ધનીબેન છગનભાઈનો જન્મ તા. ૦૧/૦૩/૧૯૯૧ના રોજ મુ. મોટા ઝીંઝુડા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૭/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો
**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૩૯૬/૨૦૨૫
તા.૦૩/૦૧/૨૦૨૬

**અરજદારશ્રી :** ૧) વેકરીયા જીવનભાઈ કાનજીભાઈ
રહે.દેતડ, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** તલાટી કમ મંત્રીશ્રી દેતડ, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્ર **વેકરીયા સંજયકુમાર જીવનભાઈનો જન્મ તા. ૦૪/૦૭/૧૯૮૩ના રોજ મુ. દેતડ, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૩/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો
**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૨૪/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) ઝીઝુવાડિયા મુકેશભાઈ કાળુભાઈ
રહે. શેરી નં. ૧ શ્રીજી નગર, કોલેજ રોડ, સાવરકુંડલા

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** જન્મ–મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના માતા **દુધીબેન ભીમાભાઈ ઝીઝુવાડીયાનું મરણ તા. ૦૯/૦૪/૨૦૧૫ના રોજ મુ. સાવરકુંડલા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૨/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો
**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૪૧૪/૨૦૨૫
તા.૦૩/૦૧/૨૦૨૬

**અરજદારશ્રી :** ૧) મનસુખભાઈ લીંબાભાઈ ઉચદડીયા,
રહે.પિયાવા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** તલાટી કમ મંત્રીશ્રી પિયાવા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **મનસુખભાઈ લીંબાભાઈ ઉચદડીયા**ના પુત્ર **ઉચદડીયા ભૌતિક મનસુખભાઈનો જન્મ તા. ૧૬/૦૬/૧૯૯૬ના રોજ મુ. પિયાવા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૩/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો
**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૧૨/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) ધાધલ રઘુવીરભાઈ ભીખુભાઈ
રહે. મેવાસા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** તકમશ્રી, મેવાસા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના માતાશ્રી **પરસનબેન ભીખુભાઈ ધાધલનું મરણ તા. ૧૫/૦૨/૨૦૦૬ના રોજ મુ. મેવાસા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૨/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો
**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૧૭/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) સાંગડ વલકુભાઈ એભલભાઈ
રહે.મેવાસા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** તલાટી કમ મંત્રીશ્રી મેવાસા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પત્નીશ્રી **સમજુબેન વલકુભાઈ સાંગડનુ મરણ તા. ૩૦/૦૬/૨૦૦૪ના રોજ મુ. મેવાસા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૨/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો
**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૪૨૧/૨૦૨૫
તા.૧૭/૦૧/૨૦૨૬

**અરજદારશ્રી :** ૧) મનસુખભાઈ લીંબાભાઈ ઉચદડીયા,
રહે.પિયાવા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** તલાટી કમ મંત્રીશ્રી પિયાવા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **મનસુખભાઈ લીંબાભાઈ ઉચદડીયા**ના પુત્ર **ઉચદડીયા અનીલભાઈ મનસુખભાઈનો જન્મ તા. ૧૮/૦૮/૧૯૯૩ના રોજ મુ. પિયાવા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૭/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો
**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.મરણ નોંધણી/અરજી નં.૧૧૮/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) સાંગડ વલકુભાઈ એભલભાઈ
રહે.મેવાસા, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** તલાટી કમ મંત્રીશ્રી મેવાસા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પિતાશ્રી **એભલભાઈ ગીગાભાઈ સાંગડનુ મરણ તા. ૦૬/૦૪/૨૦૦૪ના રોજ મુ. મેવાસા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૨/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો
**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૪૬૮/૨૦૨૫
તા.૨૮/૦૧/૨૦૨૬

**અરજદારશ્રી :** ૧) મનજીભાઈ હંસરાજભાઈ જયાણી
રહે.આંબરડી, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** તલાટી કમ મંત્રીશ્રી, ગાધકડા, તા. સાવરકુંડલા

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **મનજીભાઈ હંસરાજભાઈ જયાણીનો જન્મ તા. ૧૨/૦૫/૧૯૫૨ના રોજ મુ. ગાધકડા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. અરજી અન્વયે સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૨૮/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો
**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## સુરત અને ભરૂચ જિલ્લામાં ભાજપનાં મળતિયાઓ દ્વારા ગેરકાયદેસર ખન્ન : અમિત ચાવડા

# તડકેશ્વરમાં ટાંકી જ નથી તુટી, ભાજપ સરકાર ઉપરનો વિશ્વાસ તુટી ગયો છે

ડબલ એન્જિન સરકારમાં દરેક સરકારી કોન્ટ્રાકમાંથી ૩૦ ટકા કમિશન, લેવાતું હોવાનો આક્ષેપ

શ્રમ કાયદોનો ભંગ કરી કામદારોનું શોષણ કોન્ટ્રાકટ પ્રથાના નામે કંપનીઓ કરે છે

ઉદ્યોગોમાં સ્થાનિકોને ૮૫% રોજગારી આપવામાં આવતી નથી

કોંગ્રેસપક્ષની ગુજરાત જન આક્રોશ યાત્રા દક્ષિણ ગુજરાતના અનેક ગામડાઓમાં ફરી વળી







અમરેલી, તા.૯

ગુજરાતમાં જન આક્રોશ યાત્રાના આજે ઉજા ફેજના આઠમાં દિવસે દક્ષિણ ગુજરાતના ચલી રહેલ યાત્રા દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ આજે સવારે ૯ વાગે મોસાળીથી પ્રસ્થાન કરીને નાની નરોળી, તડેકેશ્વર, એરઠી, અંબાપારડી, ઉટેવ, ટીટોઈ, સાલૈયા, મોરીઠા, ફદરીયા, ઝંખવાવ, વાડી, વાલિયા, વાતારિયા, કોન્ધ, કોસમડી, અંકલેશ્વર પહોંચી હતી. જન આક્રોશ યાત્રાના દક્ષિણ ગુજરતમાં આઠમાં દિવસે વિવિધ વિસ્તારમાં ઉમેળકાભેર યાત્રાનું સ્વાગત કર્યુ હતું, યાત્રા દરમિયાન તડકેશ્વરમાં ગુજરાત મોડલના વિકાસના બારમામા રામધુન ગાઈ હતી.

તેઓએ વધુમાં જણાવેલ કે, તડકેશ્વરમાં ૨૧ કરોડ રૂપિયામાં બનેલી પાણીની ટાંકી તુટી પડતા ભાજપનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડયો હતો. ભાજપની ડબલ એન્જિન સરકારમાં ઉપરથી નીચે સુધીના બધા જ નેતાઓ કિંમશનમાં ભાગીદાર છે. ગુજરાતમાં ચારે તરફ ભ્રષ્ટાચાર, વ્યવહાર, તાનાશાહીનું શાસન ચાલે છે. ભાજપના નેતાઓ ચારે તરફ ઉઘાડી લૂંટ કરી રહ્યા છે. જયાં સુધી કિમશન કમલમમાં ના પહોંચે ત્યાં સુધી કોઈપણ સરકારી કામનો કોન્ટ્રાકટ નથી મળતો. કમિશનથી કમલમના બિલ્ડીંગો મજબૂત બન્યા છે. અનેક જગ્યાએ બ્રિજ તૂટયા, ટાંકી પડી, રસ્તા તૂટયા, મનરેગામાં કરોડોનો ભ્રષ્ટાચાર, નલ સે જલ માં કરોડોનો ભ્રષ્ટાચાર થયો છે. એક પણ કચેરીમાં પૈસા આપ્યા વગર ગુજરાતના સામાન્ય માણસનું કામ નથી થતું. ભારતીય જનતા પાર્ટીનો ભ્રષ્ટાચારનો પાપનો ઘડો હવે ભરાઈ ગયો છે.

સુરત જિલ્લામાં કાર્યરત જીઆઈપીસીએલ સહિતના મોટા ઉદ્યોગોમાં સરકારના નિયમ મુજબ ૮૫% સ્થાનિક યુવાનોને રોજગારી આપવાની જોગવાઈ હોવા છતાં તેનો ખુલ્લે આમ ભંગ થઈ રહ્યો છે. સ્થાનિક યુવાનોને અવગણીને બહારના લોકોને નોકરી આપવામાં આવી રહી છે. સ્થાનિકોને રોજગાર આપવાનો કાયદો કાગળ પર જ સીમિત રહી ગયો છે. ભાજપ સરકાર ઉદ્યોગપતિઓના દબાણમાં સ્થાનિક યુવાનોના હક છીનવી રહી છે. આવનારા સમયમાં સ્થાનિક યુવાનોને રોજગારી નહીં આપો તો કોંગ્રેસપક્ષ મોટા પાયે આંદોલન કરશે. સુરત અને ભરૂચ જિલ્લામાં ભાજપના મળતિયાઓ દ્વારા ખુલ્લે આમ અને બેફામ ગેરકાયદેસર ખનન કરવામાં આવી રહ્યું છે. નદીપાટમાં, રેતી તથા બિનજોના ગેરકાયદેસર ખનનથી પર્યાવરણને ગંભીર નુકસાન થઈ રહ્યું છે. ગેરકાયદેસર ખનનના કારણે ભૂગર્ભ જળ સ્તર ઘટી રહ્યું છે, નદીનું કુદરતી પ્રવાહ બદલાઈ રહ્યો છે અને ખેડૂતોની જમીનને નુકસાન થઈ રહ્યું છે, છતાં જવાબદાર અધિકારીઓ આંખ આડી કાન કરી રહ્યા છે.

ડબલ એન્જિન સરકારમાં દરેક સરકારી કોન્ટ્રાકટમાંથી ખુલ્લેઆમ ૩૦ ટકા કમિશન લેવામાં આવે છે. વિકાસના નામે લૂંટ ચલાવવામાં આવી રહી છે. કિંમશનથી કમલમના બિલ્ડીંગો મજબૂત બન્યા છે. કમિશન સરકારની સાચી હકીકત જનતા સામે આવી ગઈ છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલી તડકેશ્વર પાણીની ટાંકીમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો છે. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, તડકેશ્વર પાણી ટાંકીના કોન્ટ્રકટરે ભાજપને એક લાખ રૂપિયા જેટલું દાન આપ્યું હતું. કોન્ટ્રાકટર અને સત્તાધારી પક્ષ વચ્ચે મીલીભગતના કારણે ગુણવત્તા સાથે સમાધાન કરવામાં આવ્યું હતું. જવાબદાર કોન્ટ્રાકટર તથા અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સહ પ્રભારી બી.વી. નિવાસજી, વરીષ્ઠ આગેવાન કરશનદસ બાપુ ભાદરકા, સુરત જીલ્લા કોંગ્રેસ પ્રમુખ આંનદભાઈ ચૌધરી, ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ ઉપપ્રમુખ, સંજયભાઈ નીનામા, જીલ્લા / તાલુકાના પદાધિકારી અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

## પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, અમરેલીના નેજા હેઠળ

# દડવા રાંદલ મુકામે પ્રાકૃતિક કૃષિ તાલીમ શાળા યોજાઈ

પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો વિષયક માહિતી માર્ગદર્શન પ્રાપ્ત કરતા ખેડૂતો




અમરેલી, તા. ૯

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, અમરેલીના નેજા હેઠળ દડવા રાંદલ મુકામે પ્રાકૃતિક કૃષિ તાલીમ શાળાનુંસફળ આયોજન હાથ ધરવામાંઆવ્યું હતું તાલીમ શાળામાંપ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો વિષયક વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન ખેડૂતોનેઆપવામાંઆવ્યુંહતુંઆ કાર્યક્રમમાંબહોળી સંખ્યામાંમહિલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તાલીમ શાળાનો લાભ મેળવ્યો હતો. તાલીમ શાળા દ્વારા ખેડૂતોને પર્યાવરણ મિત્ર અને ખર્ચ બચતવાળી પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી.દડવા રાંદલ ગામના ખેડૂતોએપ્રાકૃતિક કૃષિમાંબીજ સંરક્ષણ અને સ્વદેશી બીજનો ઉપયોગ, જીવામૃત અને ઘનજીવામૃત દ્વારા જમીન પોષણ, આચ્છાદન (મલ્ચિંગ), જીવાત અને રોગ નિયંત્રણના કુદરતી ઉપાયો, વૈવિધ્યસભર ખેતી અને પ્રાકૃતિક સંતુલન ઉપરાંત રાસાયણિક ખેતી થકી માનવ આરોગ્ય પર ખતરો અને જમીનની ઘટતી જતી ગુણવત્તા સંદર્ભે માહિતી પ્રાપ્ત કરી હતી. એગ્રીકલ્ચર આસિસ્ટન્ટ જનકભાઈ ચાવડા દ્વારા ભવિષ્યમાંપ્રાકૃતિક કૃષિનો વ્યાપ અને ખેડૂત સમૃદ્ધિ સહિતની બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સમગ્ર ગુજરાતમાંપ્રાકૃતિક કૃષિનો વ્યાપ સતત અને નિરંતર વધી રહ્યો છે.અમરેલી જિલ્લામાં પણ અનેક ખેડૂતોએ પરંપરાગત કૃષિ પદ્ધતિ છોડીને ગૌઆધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને અપનાવી છે. જિલ્લામાંપ્રાકૃતિક કૃષિ અન્વયેધાન્ય પાકો, બાગાયતી પાક, કઠોળ સહિત વિવિધ પાકોનું વાવેતર કરવામાં આવી રહ્યુંછે. ઉલ્લેખનીય છે કે, પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ શાળાઓ થકી ખેડૂતોમાં સ્વસ્થ જમીન, ગુણવત્તાસભર પાક ઉત્પાદન અને સ્થિર કૃષિ વ્યવસ્થા અંગે સકારાત્મક દૃષ્ટિકોણ વિકસે છે.

## વર્ષ ૨૦૨૪-૨૫માં લેવાયેલ B.A.(PSY) સેમ-II પરીક્ષામાં

# અમરેલી : શ્રીમતી ડી.એચ.કાબરીયા આર્ટસ મહિલા કોલેજનું પરિણામ સર્વશ્રેષ્ઠ

જેન્સી બોરડ, ક્રિષ્ના વઘાસીયા, જેનીશા હિરાણી અગ્રેસર





અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલીત શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજનું B.A. (PSY), SEM-IIની લેવાયેલ વાર્ષિક પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ આવેલ છે.

કોલેજની વિદ્યાર્થીનીઓ જેન્સી બોરડ, ક્રિષ્ના વઘાસીયા અને જેનીશા હિરાણી પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમ મેળવેલ છે. કોલેજ પરિવાર અને ટ્રસ્ટીગણે વિદ્યાર્થીનીઓને શુભેચ્છાઓ પાઠવી છે.

## સાવરકુંડલા ખાતે ૩૪૪ મો

# વિનામૂલ્યે નેત્ર નિદાન યજ્ઞ સંપન્ન



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા શિક્ષણ, સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ક્ષેત્રે અગ્રેસર એવી સંસ્થા સ્વામીનારાયણ ગુરૂકુળ, સાવરકુંડલા દ્વારા દર માસના પ્રથમ શુક્રવારે યોજાતા પરંપરાગત નેત્ર કેમ્પની શૃંખલામાં આજરોજ તા. ૬/૨/૨૦૨૬ના રોજ ૩૪૪મો વિનામૂલ્યે નેત્ર નિદાન યજ્ઞ અત્યંત શ્રદ્ધાપૂર્વક યોજાયો હતો. શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં આયોજિત આ કેમ્પમાં અનેક દર્દીઓએ લાભ લીધો હતો.

આ મહાનેત્રયજ્ઞનું મંગલ પ્રાગટ્ય સંસ્થાના વડા પરમ પૂજય શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામી તથા મુખ્ય દાતા ગોપાલ કૃષ્ણ ગૌ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ (મુંબઈ)ના નિમેષભાઈ ચંદ્રકાંતભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિરનગરના નિષ્ણાત તબીબો અને ગુરૂકુળ હોસ્પિટલના ડો. નિલેશભાઈ ત્રિવેદી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કેમ્પ દરમિયાન વિરનગર હોસ્પિટલના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટરો દ્વારા કુલ ૬૦ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. તપાસના અંતે ૨૦ દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર જણાતા તેઓને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન માટે વિરનગર આંખની હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. અન્ય દર્દીઓને જરૂરિયાત મુજબ વિનામૂલ્યે ચશ્મા તથા દવાઓ પૂરી પાડવામાં આવી હતી.

સમગ્ર નેત્રયજ્ઞનું સુચારૂ સંચાલન સંસ્થાના કોઠારી અક્ષરમુક્દાસજી સ્વામીના સાનિધ્ય અને વડપણ હેઠળ કરવામાં આવ્યું હતું. કેમ્પમાં પધારેલા તમામ દર્દીનારાયણ માટે સંસ્થા દ્વારા ચા-નાસ્તો (અડદિયા, ખમણ વગેરે)ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કેમ્પના મુખ્ય યજમાન તરીકે અમદાવાદના ગોપાલકૃષ્ણ ગૌસેવા ચેરિટેબલ ટ્રસ્ટ (મુંબઈ) હસ્તે નિમેષભાઈ ચંદ્રકાંતભાઈ મહેતાએ સેવા આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ગુરૂકુળના સ્વયંસેવકો અને કર્મચારીઓએ ભારે જેહમત ઉઠાવી હતી.

## ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા માતૃ ભાષા દિને

# અમરેલી ખાતે આગામી ૧૬ ફેબ્રુઆરીના માતૃભૂમિ મહોત્સવનું આયોજન

સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડો.ભાગ્યેશ જહા ઉપસ્થિત રહેશે

અમરેલી, તા.૯

ગુજરાત સાહિત્ય અકાદમી અને અજમેરા કન્યા વિદ્યાલયનાં સંયુકત ઉપક્રમે માતૃભાષા અંતર્ગત માતૃભુમિ મહોત્સવનું આયોજન આગામી ૧૬ ફેબ્રુઆરીએ સવારે ૯ કલાકે અમરેલી ખાતે અજમેરા કન્યા વિદ્યાલય ખાતે રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમીનાા અધયક્ષ ડો.ભાગ્યેશ જહા પ્રેરણાસ્ત્રોત તરીકે ઉપસ્થિત રહેશે. તો મુખ્ય અતિથિ તરીકે એમ.જી.જોષી, અતિથિ વિશેષ પદે રજુભાઈ કામદાર અને વકતા તરીકે રવજીભાઈ કાચા અને વાસુદેવભાઈ સોઢા રહેશે.

આ કાર્યક્રમમાં સાહિત્ય અને માતૃભુમિ ભાષાના રસિકોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવેલ છે.

## મેળામાં સીસીટીવીનો ચમત્કાર ધાર્મિક છેતરપિંડી ઉપર લગામ

# જુનાગઢ :શિવરાત્રીના મેળામાં બનાવટી નાગા બાવાથી સાવધાન : વિજ્ઞાન જાથા

મેળામાં ગાંજો,માદક પદાર્થોથી સાવધાની રાખવા અપીલ

અમરેલી, તા. ૯


અમદાવાદ : જુનાગઢના શિવરાત્રી મેળાને મીની મહાકુંભનો દરજ્જો મળ્યો છે ત્યારથી સરકારી તંત્રે ખાસ પ્રકારની વ્યવસ્થા ગોઠવવાથી શ્રદ્ધાળુઓ માટે લાભપ્રદ સાબિત થયું છે. મેળામાં ઠેરઠેર છુપીઆ કેમેરા ગોઠવવાના કારણે છેતરપિંડી, અશોભનીય વર્તન, વાણી, વ્યવહાર ઉપર નિયંત્રણ આવ્યું છે તેમાં બેમત નથી. આ વર્ષે મીની કુંભમેળો ફેબ્રુઆરી તા. ૧૧ થી તા. ૧૫ સુધી યોજાવાનો છે જેમાં સૌ કોઈને આદર સાથે ધાર્મિક અહોભાવ જોવા મળે છે. પાછલા વર્ષોમાં પરપ્રાંતિય સાથે બનાવટી નાગા બાવાના તર્કટથી અનેક શ્રદ્ધાળુઓ ભોગ બન્યાના કિસ્સા પ્રકાશમાં આવ્યા હતા. પરંતુ છેલ્લા ૪ વર્ષથી છુપા કેમેરાના કારણે છેતરપિંડીના બનાવો અટકયા છે તેવું સ્પષ્ટ જોવા મળે છે. આ વર્ષે બનાવટી પરપ્રાંતીય બાવાઓથી સાવધાની રાખવા ભારત જન વિજ્ઞાન જાથાની કચેરીએ અપીલ કરી છે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે અગાઉના વર્ષોમાં મેળા ઉપરાંત બનાવટી વેશભૂષામાં ધાર્મિક વેશપરિધાન, નાગા બાવાનું તર્કટ રૂપ ધારણ કરીને લોકો સાથે છેતરપિંડીના કિસ્સામાં જાથાએ નજરે જોઈ પર્દાફાશ કર્યા હતા. તેમાં મદારી અને ગુન્હાહિત માનસ ધરાવતા લેભાગુ બનાવટી વેશધારણ કરી પોતાના શરીર ઉપર અંગ કસરત, કેફી પીણું, પ્રસાદમાં મિશ્રણ કરી બેશુદ્ધ અવસ્થાનો લાભ લેતા નજરે પડયા હતા તેવા અનેક કિસ્સા જાથાએ લોકો સમક્ષ મુકયા છે તેના કારણે દર વર્ષ જુનાગઢ શિવરાત્રીના મેળામાં સર્વાંગી સાવધાની રાખવા લોકોને જાગૃત કરવામાં આવે છે.જાથા ઈશ્વર-ભગવાન વિરોધી સંસ્થા નથી. સાચા સાધુ-સંતો પ્રત્યેમ કાયમ આદર રાખે છે.

સરકાર તરફના તકેદારીના પ્રયાસો સરાહનીય જોવા મળે છે તેનો જાથાને આનંદ છે. વધુમાં જાથાના પંડયા જણાવે છે કે મેળામાં બનાવટી રાવટી, ધાર્મિક માહોલ, આકર્ષણ થાય તેવા ભક્તિ-ભાવ, શ્રદ્ધાનો ઉન્માદ જોવા મળે તેવા તર્કટ તંબુમાં પ્રવેશતા ત્યાં આપવામાં આવતો પ્રસાદ, ચલમ કે કેફી દ્રવ્ય પીતા સાવધાની રાખવા જાથા અપીલ કરે છે. બનાવટી બાવા ખાસ કરીને યુવા વર્ગને નિશાન બનાવી ચલમની ઘુંટનો આગ્રહ રાખી યેનકેન છેતરપિંડી કરે છે. બેભાન અવસ્થામાં આવતાની સાથે શરીર ઉપરની ચીજવસ્તુ ગાયબ થઈ જાય છે. વર્તમાન સ્થિતિ ધ્યાને રાખી પુરતી તકેદારી સાથે બનાવટી નાગા બાવાના અંગ કસરતો, પ્રસાદ, ચલમની ઘુંટ, કેફી પદાર્થ ઉન્માદના કારણે પીવાથી પોતાના શરીર ઉપરની કિંમતી વસ્તુઓ, રૂપિયાના પાકીટ, સોનાના ચેઈન, દાગીના ગુમ ન થાય તે માટે ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી લોકોને અનુરોધ કરે છે.અગાઉના વર્ષોમાં તો બનાવટી નાગા બાવાની ફૌઝ ઉતરતી તેના કારણે અનેક છેતરાયા હતા. શંકાસ્પદ વસ્તુ, પીણું કે અંગ કસરતમાં ઘડીયાળ, વીંટી મુકવી નહિ, મોહ-માયામાં આવી જવું નહિં, સાવધાની રાખવા જાથા જણાવે છે.

## ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆતથી

# લાઠીનાં લુવારીયા-આસોદર-ઇંગોરાળા માર્ગ ઉપર ૯૦ લાખનાં ખર્ચે નવો પુલ બનશે

સમગ્ર પંથકનાં વાહનચાલકોમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૯

લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ ધારાસભ્ય જનક તળાવીયાના અથાગ પ્રયાસોથી લુવારીયા-આસોદર-ઈંગોરાળા માર્ગ પર રૂ. ૯૦ લાખના ખર્ચે નવો પુલ મંજુર કરવામાં આવ્યો છે. આ પુલના નિર્માણથી વર્ષો જૂની જનતાની માંગ પૂર્ણ થવા જઈ રહી છે અને આસપાસના અનેક ગામોના લોકોને મોટા પ્રમાણમાં લાભ મળશે.આ માર્ગ પર વરસાદી ઋતુ દરમિયાન પાણી ભરાવાના કારણે વાહન વ્યવહાર વારંવાર અટકી જતો હતો. ખાસ કરીને વિદ્યાર્થીઓ, ખેડૂતો, દૂધ ઉત્પાદકો તથા રોજિંદા મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. નવા પુલના નિર્માણથી હવે બારમાસી વાહન વ્યવહાર સરળ બનશે અને લોકો સુરક્ષિત રીતે આવનજાવન કરી શકશે.ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ‘‘ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે મજબૂત રસ્તા અને પુલો અત્યંત આવશ્યક છે. જનતાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આ પુલ માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી, જેને મંજૂરી મળતા આનંદની લાગણી થાય છે. આગામી સમયમાં પણ લાઠી તાલુકાના દરેક ગામ સુધી વિકાસ પહોંચાડવા માટે હું સતત પ્રયત્નશીલ રહીશ.આ પુલના નિર્માણથી લુવારીયા, આસોદર, ઈંગોરાળા સહિત આસપાસના અનેક ગામોના ખેડૂતોને પોતાના ખેત ઉપજ બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે. સાથે જ આરોગ્ય સેવા, શૈક્ષણિક સુવિધા અને વેપાર-ધંધામાં પણ નોંધપાત્ર સુધારો થશે.સ્થાનિક ગ્રામજનોએ આ પુલની મંજૂરી બદલ ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર વ્યકત કર્યો છે અને જણાવ્યું છે કે, તેમના કાર્યકાળ દરમિયાન વિસ્તારમાં સતત વિકાસ કામો થવાથી લોકોમાં સંતોષ અને વિસ વધ્યો છે.

આ રીતે રૂ. ૯૦ લાખના ખર્ચે મંજુર થયેલ આ પુલ લાઠી તાલુકાના વિકાસમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.

## અમરેલીમાં નદી કાંઠે આવેલ દલિત, વાલ્મીકી સમાજનાં સમાધિ સ્થાન તરફ જતાં માર્ગ બનેલ

# અંતિમ વિસામો ગણાતા સ્મશાન તરફ જતો માર્ગ બનાવવામાં દે ધનાધન

પાલિકા દ્વારા એક અઠવાડીયા પહેલા બનેલ માર્ગમાં ઠેકઠેકાણે તિરાડો પડી જતાં રોષની આંધી

ભ્રષ્ટાચાર નામની બલ્લા પવિત્ર ગણાતા અંતિમ વિસામા તરફ જતો માર્ગ બનાવવામાં પણ નબળી કામગીરી કરાવે

માર્ગ કોણે બનાવ્યો, કોની મિલીભગત અને કોના આશીર્વાદથી નબળી કામગીરી થઈ તેની તટસ્થ તપાસ જરૂરી

વિપક્ષી નગરસેવિકા શ્રીમતી સેજલબેન સોલંકીએ ચીફ ઓફિસરને ધગધગતી રજૂઆત કરી



અમરેલી, તા.૯

અમરેલી સહિત ઠેકઠેકાણેથી માર્ગો, મકાનો કે પુલો બનાવવામાં થતી વ્યાપક પ્રમાણમાં ગેરરીતિ અવારવનાર પ્રકાશમાં આવતી રહી છે. તેવા સમયે સૌ કોઈનાં અંતિમ વિસામો ગણાતા સ્મશાન તરફ જતો માર્ગ બનાવવામાં પણ ભ્રષ્ટાચારની બદબુ આવતાં વિપક્ષી નગર સેવિકા શ્રીમતી સેજલબેન સોલંકીએ ચીફ ઓફિસરને પત્ર પાઠવીને તટસ્થ તપાસની માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી બહારપરા, ઠેબી નદીનાં કાંઠે ગાયત્રી મોક્ષધામ પાછળ દલિત સમાજનું સ્મશાન આવેલ છે. આ સ્મશાનમાં તાજેતરમાં નગરપાલિકાએ રોકેલ એજન્સી ધ્વારા સી.સી. રોડ બનાવવામાં આવેલ છે. જે રોડની સ્થળ તપાસ કરતા જાણવા મળ્યું કે સીસી રોડ બનાવવા માટે આ જગ્યા ઉપર કોઈપણ પ્રકારનું ખોદાણ કામ કરવામાં આવેલ નથી કે તળીયામાં કપચી કે નાના પથરા નાખવામાં આવેલ નથી. જે માટીનો રસ્તો હતો તેના પર સીસી પાથરી દેવામાં આવેલ છે અને આ સીસીમાં વપરાયેલ સિમેન્ટ હલ્કી ગુણવત્તાની છે તેમજ તેમાં રેતી મીકસ કરવામાં આવેલ નથી. જેથી

અનુસંધાન પાના ૬ ઉપર







## આધુનિક યુગમાં નિયમિત વીજ વિતરણ થતું નથી

# બગસરામાં અવારનવાર વીજકાપથી ધંધા–રોજગાર ઠપ્પ તો દવાખાનામાં ઓપરેશન જેવી સેવા ખોરવાઈ

### આગામી સ્થાનિક ચૂંટણીમાં સત્તા પક્ષને નુકસાન થવાની ભીતિ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૯

બગસરામાં પીજીવીસીએલ લાઈટ કાપને લઈને છેલ્લા બે વર્ષથી વધુ સમયગાળામાં ધંધા રોજગારમાં ભારે અસર જોવા મળી છે. છેલ્લા આઠ દિવસ થયા સતત લાઈટ કાપને લીધે હોસ્પિટલમાં ઈમરજન્સી સેવાઓ ખોવાઈ છે, ડીલેવરી પેશન્ટ, અકસ્માતો જેવા ઓપરેશનમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે બગસરાના ડેપ્યુટી એન્જિનિયરને સંસ્થાઓ અને બગસરાના આગેવાનોએ અનેકવાર રજૂઆત કરીએ છતાં પોતાની મનમાની કરતા હોય. ત્યારે બગસરામાં રોજગાર ધંધા છેલ્લા બે વર્ષ થયા લાઈટ કાપ્યા લીધે ભાગી ગયેલ હોય છતાં આંખ આડા

અનુસંધાન પાના ૬ ઉપર

### ખેડૂતોની આવક બમણી થવાને બદલે ઓછી થઈ

# અમરેલીના માલવણ ગામનાં ખેડૂતે ખેતીપાક નિષ્ફળ જતાં ઝેરી ટીકડા ખાઈ લેતા મોત

### ૪૦ વર્ષિય ખેડૂતનાં મોતથી અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૯

અમરેલી તાલુકાના માલવણ ગામે રહેતા વનરાજભાઈ નાજાભાઈ છૈયા નામનાં ૪૦ વર્ષીય યુવકે સીંગના પાકમાં ખુબ ઓછો ઉતારો તથા ઘઉનો પાક ફેલ જવાનો હોય, જેને લઈ તેમને મનમા લાગી આવતા તેમણે ગત તા. ૭ના રોજ સાંજે ૬ વાગ્યા દરમ્યાન માલવણ ગામની સીમમાં ઝેરી ટીકડા ખાય લેતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)